સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 37

[AUG SEPT - 2020]
[06/09/20 to 12/09/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

MIRACLES
EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

VOLUME 10

01 TO 15 SEPT - 2020

ICE®

Click Here To DOWNLOAD

CURRENT TOPICS

- અસામાજિક તત્ત્વો અને ગુંડાગીરીથી ગુજરાતમાં સામાન્ય નાગરિકોના રક્ષણ માટે ગુજરાતમાં 'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટી સોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ, 2020'ને મંજૂરી
- WIPO દ્વારા પ્રસિદ્ધ થયેલા Global Innovation Index-2020માં ભારત 48મા ક્રમે
- ગુજરાત માનવ અધિકાર આયોગના નવા અધ્યક્ષ તરીકે જસ્ટિસ રવિકુમાર ત્રિપાઠીની નિમણૂક
- સાઉદી અરેબિયાના બુરઈદાહ ખાતે વિશ્વની સૌથી મોટી કેમલ હોસ્પિટલનો પ્રારંભ
- 'ભારતીય બંધારણના રક્ષક' તથા 'કેરળના શંકરાચાર્ય' તરીકે પ્રસિદ્ધ સંત શ્રી કેશવાનંદ ભારતીજીનું નિધન
- ભારતમાં સ્વદેશી હાઈપરસોનિક મિસાઈલના નિર્માણ માટે Hypersonic Technology Demonstrator Vehicleનું સફળ પરીક્ષણ


WWW.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**6 SEPTEMBER, 2020 SUNDAY**

## ➤ અસામાજિક તત્ત્વો અને ગુંડાગીરીથી ગુજરાતમાં સામાન્ય નાગરિકોના રક્ષણ માટે ગુજરાતમાં 'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટી સોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ, 2020'ને મંજૂરી

ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં ગુજરાતમાં **'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટી સોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ, 2020' (The Gujarat Gunda and Anti Social Activities (Prevention) Act, 2020)**ને મંજૂરી આપવામાં આવી છે.

- ગુજરાતમાં **અસામાજિક તત્ત્વો અને ગુંડાગીરીથી સામાન્ય નાગરિકોના રક્ષણ માટે** તેમજ **ગુનાખોરીને કાબૂમાં લેવા માટે** ગુજરાતમાં આ નવો એક્ટ લાવવામાં આવી રહયો છે.
- ગુજરાતમાં શાંતિ અને સલામતીની સ્થિતિ જળવાઈ રહે એ માટે ગુજરાતમાં ઘડવામાં આવેલા આ એક્ટ અંગે મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતમાં ગુંડા તત્ત્વોને સ્પષ્ટ ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, **'તેમણે ગુંડા ગર્દી છોડવી પડશે અથવા તો ગુજરાત છોડવું પડશે'.**
- આ કાયદાના અમલથી ગુજરાતમાં **ધમકી આપવા** જેવા મામૂલી કિસ્સાઓમાં પણ પોલીસને આરોપીને ઉપરોક્ત કાયદા હેઠળ જેલમાં પૂરવાનો અધિકાર પ્રાપ્ત થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ગુજરાતમાં કયા ગુનાઓ અટકાવવા આ કાયદો લાવવામાં આવ્યો છે ?

ગુજરાતમાં દારૂનો વ્યાપાર, જુગાર, ગાયોની કતલ, નશાનો વ્યાપાર, બાળકો તથા મહિલાઓની જાતિય સતામણી, બનાવટી દવાઓનું વેચાણ, વ્યાજખોરી, અપહરણ, જમીન છિનવી લેવી, ગેરકાયદે હથિયાર, સાઈબર ક્રાઈમ તેમજ અન્ય ગેરકાયદે કૃત્યો જેવી અસામાજિક પ્રવૃત્તિઓ આચરતા ગુંડા તત્ત્વો સામે કડક કાયદાકીય જોગવાઈ ઉભી કરવાના હેતુથી આ કાયદો ઘડવામાં આવ્યો છે.

### મહત્ત્વની જોગવાઈ

આ એક્ટની કેટલીક મહત્ત્વની જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) ગુંડાઓને ઝડપથી સજા મળે તે માટે **વિશેષ કોર્ટ (Special Court)**ની રચના કરવામાં આવશે.

(2) ગુંડા તત્ત્વો દ્વારા મેળવવામાં આવેલી મિલકત **જિલ્લા મેજિસ્ટ્રેટ** ટાંચમાં લઈ શકશે.

(3) સાક્ષીઓને પૂરતું રક્ષણ આપી તેમના નામ–સરનામા ગુપ્ત રાખવામાં આવશે.

(4) ગુનો નોંધતા અગાઉ સંબંધિત **રેન્જ આઈ.જી.** અથવા **પોલીસ કમિશનર**ની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

## સજા અને દંડની જોગવાઈ

(1) ગુનેગારને 7**થી 10 વર્ષ** સુધીની **કેદ**ની સજા. એટલે કે ગુનેગારને **ઓછામાં ઓછી 7 વર્ષ અને વધુમાં વધુ 10 વર્ષ સુધીની** જેલની સજા કરવામાં આવશે.

(2) આ ઉપરાંત તેને **રૂ. 50,000થી ઓછો નહિ તેટલો દંડ** કરવામાં આવશે.

(3) જો કોઈ **સરકારી કર્મચારી** કે **રાજ્યસેવક** દ્વારા ગુંડા તત્ત્વોની મદદ કરવામાં આવે તો તેને **3 થી 10 વર્ષ** સુધીની **કેદની સજા અને દંડ** થશે.

(4) સાક્ષીઓના નામ સરનામા જાહેર કરવા બદલ જે તે વ્યકિતને **1 વર્ષ સુધીની કેદ** અને **રૂ. 5000 સુધીનો દંડ** થશે.

## ગુંડા તત્ત્વની વ્યાખ્યા

આ એકટ અંતર્ગત ગુંડા તત્ત્વોની વ્યાખ્યામાં –

➢ **વ્યકિતગત અથવા જૂથમાં હિંસાની ધમકી આપવી**

➢ **ધાકધમકી આપવી**

➢ **અથવા અન્ય રીતે જાહેર વ્યવસ્થાને નુકશાન પહોંચાડવાના ઉદ્દેશથી કામ કરતી અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી વ્યકિતઓનો અને જૂથોનો** સમાવેશ થાય છે.

**નોંધ :** (1) કેબિનેટની મંજૂરી બાદ 23 સપ્ટેમ્બર, 2020ના રોજ આ એકટ અંગેનું બિલ **ગુજરાત વિધાનસભા**માં બહુમતીથી પસાર થઈ ગયું છે.

(2) ગુજરાતના રાજ્યકક્ષાના ગૃહમંત્રી **શ્રી પ્રદિપ સિંહ જાડેજા**એ આ બિલ ગુજરાત વિધાનસભામાં રજૂ કર્યું હતું.

(3) ગુજરાત સરકારનો આ નવો કાયદો **ઉત્તરપ્રદેશ**ના **‘કંટ્રોલ્સ ઓફ ગુંડા એકટ’**ની સમાન છે.

## ➤ ભારતમાં કેન્દ્ર સરકારે PUBG સહિત 118 ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો

2 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારે ભારતમાં અત્યંત લોકપ્રિય PUBG સહિત 118 ચીનની અથવા તો ચીન સાથે સંકળાયેલી મોબાઈલ એપ પર પ્રતિબંધ મૂકી દીધો છે.

- આ 118 એપમાં PUBG, Wechat, SuperClean, Ludo, Mp3 Player, Music Player વગેરે જેવી લોકપ્રિય એપનો સમાવેશ થાય છે.
- ભારતમાં ડેટા ચોરીનો આરોપ મૂકીને કેન્દ્ર સરકારના IT મંત્રાલય દ્વારા એક નોટિફિકેશન પ્રસિદ્ધ કરીને આ એપ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

**નોંધ :** (1) ભારતમાં એકસાથે ચીનની અનેક એપ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય એવી આ ત્રીજી ઘટના છે.

(2) ભારતમાં આ અગાઉ કેન્દ્ર સરકારે સૌપ્રથમ વખત 29 જૂન 2020ના રોજ ચીનની 59 એપ પર અને ત્યારબાદ 27 જુલાઈ 2020ના રોજ ચીનની 47 એપ પર પ્રતિબંધ મૂક્યો હતો.

**ભારતમાં ચીનની એપ પર પ્રતિબંધ**

| ક્રમ | એપની સંખ્યા | તારીખ |
|---|---|---|
| 1 | 59 | 29 જૂન, 2020 |
| 2 | 47 | 27 જુલાઈ, 2020 |
| 3 | 118 | 20 સપ્ટેમ્બર, 2020 |
| કુલ | 224 | |

### PUBG

PUBGનું પૂરું નામ Player Unknown's Battle Grounds છે.

- PUBG ગેમના ડિઝાઈનરનું નામ શ્રી બ્રેન્ડન ગ્રીન (Brenden Greene) છે.
- સૌપ્રથમ PUBG Corporation નામની કંપની દ્વારા PUBG ગેમનું PC વર્ઝન ડેવલપ કરીને તેને લોન્ચ કરવામાં આવ્યું હતું.
- PUBG Corporation એ સાઉથ કોરિયાની Bluehole નામની વીડિયો ગેમ કંપનીની પેટા કંપની છે.
- જોકે, PUBG ગેમનું Mobile Version ચીનની Tencent નામની કંપની દ્વારા ડેવલપ કરવામાં આવ્યું હતું.

- અને Tencent દ્વારા સૌપ્રથમ ચીનમાં અને ત્યારબાદ વર્ષ 2018માં સમગ્ર વિશ્વમાં PUBG ગેમનું Mobile વર્ઝન લૉન્ચ કરવામાં આવ્યું હતું.
- આ ઉપરાંત ચીનની Tencent કંપની સાઉથ કોરિયાની Bluehole નામની કંપનીમાં લગભગ 10 ટકા જેટલો હિસ્સો ધરાવે છે.

**નોંધ :** ભારતમાં PUBG ગેમ પર પ્રતિબંધના બીજા જ દિવસે ચાઈનીઝ ટેક્નોલોજી કંપની Tencentના શેરની બજાર કિંમતમાં 14 અબજ ડોલરનો ઘટાડો થયો હતો.



## ICE Questions

1. અસામાજિક તત્ત્વો અને ગુંડાગીરીથી સામાન્ય નાગરિકોના રક્ષણ માટે ગુજરાતમાં કયા નવા એક્ટને મંત્રીમંડળ દ્વારા મંજૂરી આપવામાં આવી છે ?

    (A) ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટિ સોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ 2020
    (B) ધ ગુજરાત ગુંડા એન્ડ ક્રિમિનલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ 2020
    (C) ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટિ લો એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ 2020
    (D) ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટિ નેશનલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ 2020 **(A)**

2. 'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટિ સોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ 2020'માં કરવામાં આવેલી જોગવાઈઓના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

    1. અપરાધીને ઝડપથી સજા મળે તે માટે વિશેષ કોર્ટની રચના કરવામાં આવશે.
    2. અદાલતમાં આ અંગેનો કેસ દાખલ થયાના 6 મહિનામાં તેનો નિકાલ કરવામાં આવશે.
    3. સાક્ષીઓને પૂરતું રક્ષણ આપી તેમના નામ સરનામા ગુપ્ત રાખવામાં આવશે.
    4. ગુનો નોંધતા અગાઉ સંબંધિત રેન્જ આઈ.જી. અથવા પોલીસ કમિશનરની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

    Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 3, 4 (D) 2, 3, 4 **(C)**

3. 'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટિ સોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ 2020'માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ગુંડા તત્ત્વો દ્વારા મેળવવામાં આવેલી મિલકત કોના દ્વારા ટાંચમાં લઈ શકાશે ?

    (A) પોલીસ ઈન્સ્પેક્ટર (B) DySP
    (C) મામલતદાર (D) જિલ્લા મેજિસ્ટ્રેટ **(D)**

4. 'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટિ સોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ 2020'માં ગુનેગારો માટે કઈ સજાની જોગવાઈ કરવામાં આવી છે ?

    (A) 5 થી 10 વર્ષ સુધીની કેદ અને રૂ. 50,000નો દંડ
    (B) 5 થી 10 વર્ષ સુધીની કેદ અને રૂ. 1 લાખનો દંડ
    (C) 7 થી 10 વર્ષ સુધીની કેદ અને રૂ. 50,000નો દંડ
    (D) 7 થી 10 વર્ષ સુધીની કેદ અને રૂ. 1 લાખનો દંડ **(C)**

**5.** કોઈ સરકારી કર્મચારી કે રાજ્ય સેવક દ્વારા ગુંડા તત્ત્વોની મદદ કરવામાં આવે તો 'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટિ સોશિયલ એકિટવિટીઝ (પ્રિવેન્શન) એકટ, 2020' અંતર્ગત તેમના માટે કઈ સજાની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) 7 થી 10 વર્ષ સુધીની કેદ અને રૂ. 50,000નો દંડ

(B) 5 થી 10 વર્ષ સુધીની કેદ અને રૂ. 50,000નો દંડ

(C) 4 થી 10 વર્ષ સુધીની કેદ અને રૂ. 50,000નો દંડ

(D) 3 થી 10 વર્ષ સુધીની કેદ અને દંડ **(D)**

**6.** 'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટિ સોશિયલ એકિટવિટીઝ (પ્રિવેન્શન) બિલ, 2020' ગુજરાત વિધાનસભામાં કોણે રજૂ કર્યું હતું ?

(A) શ્રી કૌશિક પટેલ (B) શ્રી નીતિનભાઈ પટેલ

(C) શ્રી પ્રદિપ સિંહ જાડેજા (D) શ્રી ભૂપેન્દ્ર સિંહ ચુડાસમા **(C)**

**7.** 2 સપ્ટેમ્બર, 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારે PUBG સહિત કેટલી મોબાઈલ એપ પર પ્રતિબંધ મૂકયો હતો ?

(A) 59 (B) 47 (C) 118 (D) 224 **(C)**



Available at
amazon

**7 SEPTEMBER, 2020 MONDAY**

## ➤ દિવસ મહિમા : 7 સપ્ટેમ્બર, વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ (International Day of Clean Air for blue Skies)

7 સપ્ટેમ્બર, 2020ના રોજ સમગ્ર વિશ્વમાં **'વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ'**ની ઉજવણી કરવામાં આવી છે.

- સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા **19 ડિસેમ્બર, 2019**ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ **2020**માં આ દિવસની **પ્રથમ વખત** ઉજવણી કરવામાં આવી છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ વાયુ પ્રદૂષણ અને તેના દુષ્પ્રભાવો અંગે જાગૃતિ કેળવવાનો છે.
- વર્ષ **2020**ના પ્રથમ 'વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ'ની થીમ **'Clean Air for All' (બધા માટે સ્વચ્છ હવા)** છે.

## ➤ WIPO દ્વારા પ્રસિદ્ધ થયેલા Global Innovation Index-2020માં ભારત 48મા ક્રમે

ટૂંકમાં **WIPO** તરીકે ઓળખાતા **World Intellectual Property Organization** દ્વારા તાજેતરમાં **'Global Innovation Index (GII)-2020'** નામથી એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં **ઈનોવેશન**ને આધારે વિશ્વના **131** દેશોને રેન્ક આપવામાં આવ્યો છે.
- આ ઈન્ડેકસમાં વિશ્વના **131** દેશોમાં **ભારત 48મા** ક્રમે છે.
- આ ઈન્ડેકસમાં **પ્રથમ** વખત ભારતનો **ટોપ 50**માં સમાવેશ થયો છે. આ ઈન્ડેકસમાં હવે **ટોપ 25**માં સામેલ થવાનું ભારત સરકારનું લક્ષ્ય છે.
- આ અગાઉ વર્ષ **2019**માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેકસમાં **ભારત 52મા** ક્રમે હતું.
- આમ, વર્ષ 2019ની તુલનાએ વર્ષ **2020**માં આ ઈન્ડેકસમાં ભારતના રેન્કમાં **4 ક્રમ**નો સુધારો થયો છે.
- વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેકસમાં **સ્વિત્ઝર્લેન્ડ પ્રથમ** ક્રમે છે. જે છેલ્લા કેટલાક વર્ષોથી આ ઈન્ડેકસમાં પ્રથમ ક્રમે છે.

- **સ્વિત્ઝર્લેન્ડ** બાદ **સ્વીડન બીજા** અને **અમેરિકા ત્રીજા** ક્રમે છે.
- જ્યારે **યમન અંતિમ 131મા** ક્રમે છે.

| Global Innovation Index 2020 Rank | |
|---|---|
| **Rank** | **Country** |
| 1 | સ્વિત્ઝર્લેન્ડ |
| 2 | સ્વીડન |
| 3 | અમેરિકા |
| 14 | ચીન |
| 48 | ભારત |
| 95 | નેપાળ |
| 101 | શ્રીલંકા |
| 107 | પાકિસ્તાન |
| 116 | બાંગ્લાદેશ |
| 129 | મ્યાનમાર |
| 130 | ગુયેના |
| 131 | યમન |

**નોંધ :** (1) આ ઈન્ડેકસમાં વર્ષ **2015**માં ભારત **81મા**, **2016**માં **66મા**, **2017**માં **60મા**, **2018**માં **57મા**, **2019**માં **52મા** અને **2020**માં **48મા** ક્રમે છે.

(2) આમ, આ ઈન્ડેકસમાં છેલ્લા પાંચ વર્ષથી ભારતના રેન્કમાં સુધારો થઈ રહયો છે.

(3) વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેકસમાં **મધ્ય અને દક્ષિણ એશિયા**માં **પ્રથમ ત્રણ** ઈનોવેશન અર્થવ્યવસ્થાઓમાં **ભારત પ્રથમ** ક્રમે છે. જ્યારે ભારત બાદ **ઈરાન બીજા** અને **કઝાખસ્તાન ત્રીજા** ક્રમે છે.

## આ ઈન્ડેક્સ કોના દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે ?

Cornell University, INSED અને સંયુક્ત રાષ્ટ્રના World Intellectual Property Organization (WIPO) દ્વારા દર વર્ષે આ ઈન્ડેક્સ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

- વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલું આ 13મું GII Ranking હતું. જેમાં Intellectual Property Filing Ratesથી લઈને Mobile Application Creation, Education Spending અને Scientific and Technical Publications જેવા જુદા જુદા 80 Indicatorsને આધારે વિશ્વના 131 અર્થતંત્રોને રેન્ક આપવામાં આવ્યા છે.
- આ ઈન્ડેક્સ વિવિધ દેશોની Innovation (નવીનીકરણ)ની ક્ષમતા અને સફળતા દર્શાવે છે.

## ➢ 'જમ્મુ એન્ડ કાશ્મીર ઓફિસિયલ લેન્ગ્વેજીસ બિલ, 2020'ને મંજૂરી

ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં 'Jammu and Kashmir Official Languages Bill, 2020'ને મંજૂરી આપવામાં આવી છે.

## બિલની મહત્ત્વની જોગવાઈ

જમ્મુ કાશ્મીરમાં હાલ –

(1) અંગ્રેજી અને

(2) ઉર્દૂ

ભાષાને રાજ્યની સરકારી ભાષા તરીકે માન્યતા મળેલી છે.

- તેની સામે આ બિલમાં જમ્મુ કાશ્મીરની સત્તાવાર ભાષા તરીકે 5 ભાષાઓને મંજૂરી આપવામાં આવી છે.
- આ 5 ભાષાઓમાં –

(1) અંગ્રેજી

(2) ઉર્દૂ

(3) કાશ્મીરી

(4) ડોગરી અને

(5) હિન્દી

નો સમાવેશ થાય છે.

**નોંધ :** (1) ભારતની લોકસભામાં 23 સપ્ટેમ્બર 2020ના રોજ આ બિલ પસાર થઈ ગયું છે.

(2) લોકસભામાં આ બિલ રજૂ કરતી વખતે કેન્દ્રીય રાજ્ય ગૃહ મંત્રી <u>શ્રી જી. કિશન રેડ્ડી</u> દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર <u>જમ્મુ કાશ્મીર</u>માં વિવિધ ભાષાઓ બોલતા લોકોની ટકાવારી આ પ્રમાણે છે :

| ક્રમ | ભાષા | ભાષા બોલતા લોકોની સંખ્યા ટકામાં |
|---|---|---|
| 1 | કાશ્મીરી | 53.26 |
| 2 | ડોગરી | 26.64 |
| 3 | હિન્દી | 02.36 |
| 4 | ઉર્દૂ | 0.16 |



## ICE ? Questions

| | | |
|---|---|---|
| 1. | 'વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 6 સપ્ટેમ્બર (B) 7 સપ્ટેમ્બર (C) 8 સપ્ટેમ્બર (D) 9 સપ્ટેમ્બર | (B) |
| 2. | વર્ષ 2020માં કેટલામા 'વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?<br>(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) પાંચમા | (A) |
| 3. | વર્ષ 2020માં ઉજવાયેલા પ્રથમ 'વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ' ની થીમ શું છે ?<br>(A) બધા માટે સ્વચ્છ આકાશ (B) બધા માટે વાદળી આકાશ<br>(C) વાદળી આકાશ માટે સ્વચ્છ હવા (D) બધા માટે સ્વચ્છ હવા | (D) |
| 4. | તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2020'માં કુલ 131 દેશોમાં ભારત કયા ક્રમે છે ?<br>(A) 42મા (B) 44મા (C) 48મા (D) 54મા | (C) |
| 5. | વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2020'માં ભારત કયા ક્રમે હતું ?<br>(A) 52મા (B) 54મા (C) 56મા (D) 57મા | (A) |
| 6. | 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2020'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?<br>(A) અમેરિકા (B) ફિનલેન્ડ (C) સ્વિત્ઝર્લેન્ડ (D) સ્વીડન | (C) |
| 7. | 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2020'માં અંતિમ 131મા ક્રમે કયો દેશ છે ?<br>(A) મ્યાનમાર (B) ગુયેના (C) મલાવી (D) યમન | (D) |
| 8. | 'જમ્મુ એન્ડ કાશ્મીર ઓફિસિયલ લેન્ગ્વેજીસ બિલ, 2020' અંતર્ગત કુલ કેટલી ભાષાઓને જમ્મુ કાશ્મીરની સત્તાવાર ભાષા તરીકે માન્યતા આપવામાં આવી છે ?<br>(A) 2 (B) 3 (C) 5 (D) 7 | (C) |
| 9. | 'જમ્મુ એન્ડ કાશ્મીર ઓફિસિયલ લેન્ગ્વેજીસ બિલ, 2020' અંતર્ગત કઈ પાંચ ભાષાઓને જમ્મુ કાશ્મીરની સત્તાવાર ભાષા તરીકે માન્યતા આપવામાં આવી છે ?<br>(A) અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ, કાશ્મીરી, સિંધિ<br>(B) અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ, કાશ્મીરી, સંથાલી<br>(C) અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ, કાશ્મીરી, ડોગરી<br>(D) અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ, કાશ્મીરી, મૈથિલી | (C) |

10. ‘જમ્મુ એન્ડ કાશ્મીર ઓફિસિયલ લેન્ગ્વેજીસ બિલ, 2020’માં કુલ પાંચ ભાષાઓને જમ્મુ કાશ્મીરની સત્તાવાર ભાષા તરીકે માન્યતા આપવામાં આવી છે...આ અગાઉ જમ્મુ કાશ્મીરની સરકારી ભાષા તરીકે કઈ ભાષાને માન્યતા આપવામાં આવી હતી ?
    (A) કાશ્મીરી અને ડોગરી (B) અંગ્રેજી અને કાશ્મીરી
    (C) ઉર્દૂ અને કાશ્મીરી (D) અંગ્રેજી અને ઉર્દૂ **(D)**

11. જમ્મુ કાશ્મીરમાં સૌથી વધુ કઈ ભાષા બોલાય છે ?
    (A) કાશ્મીરી (B) ડોગરી (C) ઉર્દૂ (D) હિન્દી **(A)**



**8 SEPTEMBER, 2020 TUESDAY**

## ➤ દિવસ મહિમા : 8 સપ્ટેમ્બર, (1) વિશ્વ સાક્ષરતા દિવસ (International Literacy Day) (2) વિશ્વ ભૌતિક ચિકિત્સા દિવસ (World Physical Therapy Day)

### વિશ્વ સાક્ષરતા દિવસ

સમગ્ર વિશ્વમાં સાક્ષરતાના મહત્ત્વ અંગે જાગૃતિ લાવવા માટે દર વર્ષે 8 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ સાક્ષરતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનેસ્કો (UNESCO) દ્વારા 17 નવેમ્બર 1966ના રોજ આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 1967થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- વર્ષ 2020ની 'વિશ્વ સાક્ષરતા દિવસ'ની થીમ 'Literacy Teaching and Learning in the COVID-19 Crisis and beyond'છે.

નોંધ : (1) UNESCOનું પૂરું નામ 'United Nations Educational Scientific and Cultural Organization' છે.
(2) તેનું વડું મથક ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.

## ➤ ગુજરાત માનવ અધિકાર આયોગના નવા અધ્યક્ષ તરીકે જસ્ટિસ રવિકુમાર ત્રિપાઠીની નિમણૂક

ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ (Gujarat State Human Rights Commission)ના નવા અધ્યક્ષ તરીકે જસ્ટિસ રવિકુમાર ત્રિપાઠીની નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી રવિકુમાર ત્રિપાઠી ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત જજ છે.
- ગુજરાત માનવ અધિકાર આયોગના નવા અધ્યક્ષ તરીકે તેમની 3 વર્ષ માટે નિમણૂક કરવામાં આવી છે.
- ગુજરાત માનવ અધિકાર આયોગના નવા અધ્યક્ષ તરીકે જસ્ટિસ રવિકુમાર ત્રિપાઠીએ સુશ્રી અભિલાષા કુમારીનું સ્થાન લીધું છે.
- જસ્ટિસ અભિલાષા કુમારીની ભારતમાં લોકપાલ કમિટીના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવતા તેમણે ગુજરાત માનવ અધિકાર આયોગના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું હતું.
- આથી, તેમને સ્થાને જસ્ટિસ રવિકુમાર ત્રિપાઠીએ આ પદભાર સંભાળી લીધો છે.
- જસ્ટિસ રવિકુમાર ત્રિપાઠીએ વર્ષ 2016થી 2018 દરમિયાન ભારત સરકારના કાયદાપંચમાં મહત્ત્વની જવાબદારી નિભાવી હતી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**આ નિમણૂક કોના દ્વારા કરવામાં આવી છે ?**

ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઇ રૂપાણી**ની અધ્યક્ષતામાં મળેલી **પસંદગી સમિતિની ભલામણ**ને આધારે ગુજરાતના રાજ્યપાલ **શ્રી આચાર્ય દેવવ્રત** દ્વારા શ્રી રવિકુમાર ત્રિપાઠીની ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

**નોંધ :** (1) ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની સ્થાપના **12 સપ્ટેમ્બર 2006**ના રોજ થઈ હતી.

(2) તેનું વડું મથક **ગાંધીનગર** ખાતે આવેલું છે.

सर्वे भवन्तु सुखिनः

National Human Rights Commission (NHRC)

## ➤ Business Reform Action Plan (BRAP) Ranking of States 2019માં સમગ્ર દેશમાં આંધ્રપ્રદેશ પ્રથમ

5 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતના નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી **સુશ્રી નિર્મલા સિતારામને** ભારતમાં **'બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન (BRAP) રેન્કિંગ ઓફ સ્ટેટ્સ 2019'** જાહેર કર્યા છે.

- જેમાં ભારતના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં **આંધ્રપ્રદેશ પ્રથમ** ક્રમે છે.
- **આંધ્રપ્રદેશ** બાદ **ઉત્તરપ્રદેશ બીજા** અને **તેલંગાણા ત્રીજા** ક્રમે છે.
- **ગુજરાત** આ રેન્કિંગમાં **10મા** ક્રમે છે.
- જ્યારે **અરૂણાચલ પ્રદેશ, ચંદીગઢ, મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ, ઓડિશા, સિક્કિમ અને ત્રિપુરા** એમ કુલ **8** રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશ આ રેન્કિંગમાં **અંતિમ 29મા** ક્રમે છે.

## Business Reform Action Plan (BRAP) Ranking 2019

| Rank 2019 | State/UT |
|---|---|
| 1 | આંધ્રપ્રદેશ |
| 2 | ઉત્તરપ્રદેશ |
| 3 | તેલંગાણા |
| 4 | મધ્યપ્રદેશ |
| 5 | ઝારખંડ |
| 6 | છત્તીસગઢ |
| 7 | હિમાચલપ્રદેશ |
| 8 | રાજસ્થાન |
| 9 | પશ્ચિમ બંગાળ |
| 10 | ગુજરાત |
| 26 | બિહાર |
| 27 | પુડુચેરી |
| 28 | કેરળ |
| 29 | અરૂણાચલ પ્રદેશ, ચંદીગઢ, મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ, ઓડિશા, સિક્કિમ, ત્રિપુરા |

### BRAP Rank

**'સ્ટેટ રિફોર્મ્સ એક્શન પ્લાન રેન્કિંગ'**ને **'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેન્કિંગ' (Ease of Doing Business Ranking)** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- ભારતમાં વર્ષ **2015**થી આ રેન્કિંગનો પ્રારંભ થયો છે.
- વર્ષ **2020**માં તેની **ચોથી આવૃત્તિ (4th Edition)** પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.
- આ રેન્કિંગનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં સ્થાનિક અને વિદેશી રોકાણકારોને આકર્ષિત કરવા તેમજ વ્યાપારિક વાતાવરણમાં સુધારો લાવવા રાજ્યો વચ્ચે સ્પર્ધા શરૂ કરવાનો છે.
- ભારતના વિવિધ રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વ્યાપારની સ્થિતિમાં સુધારો લાવવા માટે આ રેન્કિંગમાં **180 મુખ્ય માપદંડો**ને આધારે ભારતના વિવિધ રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોને રેન્ક આપવામાં આવ્યા છે.
- ભારતમાં વર્ષ **2015**માં શરૂ થયેલા **Business Reform Action Plan (BRAP)**ના અમલને આધારે આ રેન્કિંગનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- ભારતમાં કેન્દ્ર સરકારના <u>વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય</u> દ્વારા આ રેન્કિંગ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**નોંધ :** (1) આ રેન્કિંગમાં <u>આંધ્રપ્રદેશ</u> <u>સતત ત્રીજી વખત</u> <u>પ્રથમ</u> ક્રમે છે.

(2) આ અગાઉ વર્ષ <u>2018</u>માં પ્રસિદ્ધ થયેલા આ રેન્કિંગમાં <u>ગુજરાત</u> <u>5મા</u> ક્રમે હતું.

(3) વર્ષ <u>2015</u>માં <u>પ્રથમ</u> વખત પ્રસિદ્ધ થયેલા આ રેન્કિંગમાં <u>ગુજરાત</u> <u>પ્રથમ</u> ક્રમે હતું. જે વર્ષ <u>2020</u>માં પ્રસિદ્ધ થયેલા રેન્કિંગમાં <u>10મા</u> ક્રમે છે.

(4) જ્યારે વર્ષ <u>2018</u>માં આ રેન્કિંગમાં <u>ઉત્તરપ્રદેશ</u> <u>12મા</u> ક્રમે હતું. જે વર્ષ <u>2020</u>માં <u>બીજા</u> ક્રમે છે.



## ICE ? Questions

1. ‘વિશ્વ સાક્ષરતા દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 6 સપ્ટેમ્બર (B) 7 સપ્ટેમ્બર (C) 8 સપ્ટેમ્બર (D) 9 સપ્ટેમ્બર **(C)**

2. ‘વિશ્વ ભૌતિક ચિકિત્સા દિવસ’ અથવા તો 'World Physical Therapy Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 6 સપ્ટેમ્બર (B) 7 સપ્ટેમ્બર (C) 8 સપ્ટેમ્બર (D) 9 સપ્ટેમ્બર **(C)**

3. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) જસ્ટિસ રવિ કુમાર ત્રિપાઠી (B) જસ્ટિસ અરૂણ કુમાર ત્રિવેદી
(C) જસ્ટિસ ધર્મેન્દ્ર શાંખલા (D) જસ્ટિસ અરવિંદ સકસેના **(A)**

4. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના નવા અધ્યક્ષ તરીકે જસ્ટિસ રવિ કુમાર ત્રિપાઠીની કોના સ્થાને નિમણૂક કરવામાં આવી છે ?
(A) જસ્ટિસ ભારતી કુમારી (B) જસ્ટિસ અનુરાધા કુમારી
(C) જસ્ટિસ અભિલાષા કુમારી (D) જસ્ટિસ સુમિત્રા કુમારી **(C)**

5. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના નવા અધ્યક્ષ તરીકે શ્રી રવિકુમાર ત્રિપાઠીની કેટલા વર્ષ માટે નિમણૂક કરવામાં આવી છે ?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ **(B)**

6. ‘બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન (BRAP) રેન્કિંગ 2019’ અથવા તો ‘ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેન્કિંગ 2019’માં ભારતનું કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?
(A) અરૂણાચલ પ્રદેશ (B) ઉત્તરપ્રદેશ (C) તેલંગાણા (D) આંધ્રપ્રદેશ **(D)**

7. ‘બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન (BRAP) રેન્કિંગ 2019’ અથવા તો ‘ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેન્કિંગ 2019’માં ભારતના કુલ કેટલા રાજ્ય તથા કેન્દ્ર શાસિત પ્રદેશ અંતિમ 29મા ક્રમે છે ?
(A) ત્રણ (B) પાંચ (C) આઠ (D) નવ **(C)**

8. ‘બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન (BRAP) રેન્કિંગ 2019’ અથવા તો ‘ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેન્કિંગ 2019’માં ગુજરાત કયા ક્રમે છે ?
(A) પાંચમા (B) સાતમા (C) દસમા (D) બારમા **(C)**

9. તાજેતરમાં ભારતમાં કોના દ્વારા ‘બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન (BRAP) રેન્કિંગ 2019’ અથવા તો ‘ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેન્કિંગ 2019’ જાહેર કરવામાં આવ્યા છે ?
(A) શ્રી એમ. વેંકૈયા નાયડુ (B) સુશ્રી નિર્મલા સિતારામન
(C) ડૉ. હર્ષવર્ધન (D) શ્રી પિયૂષ ગોયલ **(B)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**9 SEPTEMBER, 2020 WEDNESDAY**

## ➤ દિવસ મહિમા : 9 સપ્ટેમ્બર, હુમલાથી શિક્ષણના રક્ષણ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day to Protect Education From Attack)

## ➤ ગુજરાતના મોરબી જિલ્લાના વવાણિયાથી લૂઝ મીઠા સાથેની ભારતની પ્રથમ ટ્રેન રવાના

સપ્ટેમ્બર 2020 દરમિયાન ગુજરાતના **મોરબી** જિલ્લાના **વવાણિયા** ખાતેથી ઈન્ડસ્ટ્રીઝના હેતુસર **લૂઝ મીઠા** સાથેની એક **સ્પેશિયલ ટ્રેન** રવાના કરવામાં આવી હતી.

- **મોરબી**ના **વવાણિયા** ખાતેથી રવાના થયેલી આ ટ્રેન ભારતમાં ઈન્ડસ્ટ્રીઝના હેતુસર **લૂઝ મીઠાની હેરફેર** કરવા માટે શરૂ થયેલી ભારતની **પ્રથમ ટ્રેન** હતી.
- ભારતમાં મીઠા ઉદ્યોગ ક્ષેત્રે થતી પરિવહનની સમસ્યાના ઉકેલ માટે ભારતીય રેલવે દ્વારા લૂઝ મીઠાના પરિવહન માટે સ્પેશિયલ ટ્રેનની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત ગુજરાતના મોરબીની મીઠા ઉદ્યોગની અગ્રણી કંપની **જયદીપ એન્ડ કંપની** દ્વારા **ઉત્તરપ્રદેશ**ના **બનારસ** ખાતેના **આદિત્ય બિરલા ગ્રૂપ**ના **ગ્રાસીમ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ યુનિટ** માટે આ પ્રથમ ટ્રેન રવાના કરવામાં આવી હતી.
- ગુજરાતના **મોરબી**ના **વવાણિયા**થી **ઉત્તરપ્રદેશ**ના **બનારસ** ખાતે મોકલવામાં આવેલી 59 વેગનની આ ટ્રેનમાં 4000 ટન મીઠું મોકલવામાં આવ્યું હતું.

**નોંધ :** (1) લૂઝ મીઠાના પરિવહનથી પેકિંગ ખર્ચ તેમજ તેમાં લાગતા સમયમાં બચત થાય છે. અને તેને રેલવે વેગનમાં લોડ કરવામાં પણ સરળતા રહે છે તથા સમયની બચત થાય છે. જેથી આ ટ્રેનથી મીઠા ઉદ્યોગને ફાયદો થશે.

(2) ઉત્તરપ્રદેશનું **બનારસ** **‘વારાણસી’** અને **‘કાશી’** તરીકે પણ ઓળખાય છે.

## ➤ સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત અને ભારતમાં બીજી વખત રાજકોટમાં કોરોના મૃતદેહની ઓટોપ્સી કરવામાં આવી

**8 સપ્ટેમ્બર 2020ના રોજ સમગ્ર ગુજરાતમાં સૌપ્રથમ વખત ગુજરાતના રાજકોટમાં કોરોનાથી મૃત્યુ પામેલા વ્યકિતના મૃતદેહની ઓટોપ્સી એટલે કે તેનું પેથોલોજીકલ પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે.**

- જેનો મુખ્ય ઉદ્દેશ કોરોના વાયરસના લીધે શરીરના કયા અંગ પર શું અસર થઈ છે તેની તેમજ શરીરના કયા અંગ પર થયેલી કઈ અસર મોતનું કારણ બની હતી એ અંગેનો અભ્યાસ કરવાનો હતો.
- આ અંતર્ગત **રાજકોટ સિવિલ હોસ્પિટલ**ના **ફોરેન્સિક મેડિસીન વિભાગ**ના હેડ **ડૉ. હેતલ કિયાડા** અને તેમની ટીમ દ્વારા આ પેથોલોજીકલ પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.

**નોંધ :** (1) ભારતમાં અત્યાર સુધીમાં માત્ર **મધ્યપ્રદેશ**ના **ભોપાલ** ખાતે આવેલી **એઈમ્સ**માં મૃતદેહની પેથોલોજીકલ ઓટોપ્સી કરવામાં આવી હતી. જેમાં **માત્ર ફેફસાં**ના જ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

(2) પરંતુ **રાજકોટ**માં કોરોનાથી મગજ, હાર્ટ, આંખ, પેશાબમાં અને પેટમાં તેમજ શરીરના અન્ય ભાગોમાં કેવી અસર થાય છે તે જાણવા માટે શરીરના વિવિધ ભાગોમાંથી સેમ્પલ લઈને તેનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

(3) જે **મધ્યપ્રદેશ**ના **ભોપાલ** બાદ **ભારત**માં થયેલી કોરોનાના શબની **બીજી** પેથોલોજીકલ ઓટોપ્સી હતી.



## ➤ સાઉદી અરેબિયાના બુરઈદાહ ખાતે વિશ્વની સૌથી મોટી કેમલ હોસ્પિટલનો પ્રારંભ

તાજેતરમાં સાઉદી અરેબિયાના અલ કાસિમ (Al Qassim) નામના પ્રાંતના પાટનગર બુરઈદાહ (Buraidah) ખાતે ઊંટોની સારવાર માટે એક કેમલ હોસ્પિટલનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- સાઉદી અરેબિયાના બુરઈદાહ ખાતે શરૂ થયેલી આ વિશ્વની સૌથી મોટી કેમલ હોસ્પિટલ અને રિસર્ચ ફેસિલિટી છે.
- આ હોસ્પિટલ 70,000 ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલી છે.
- વિશ્વની સૌથી મોટી આ કેમલ હોસ્પિટલમાં એક સાથે 4000થી વધુ બીમાર ઊંટોને સારવાર માટે રાખી શકાય છે.
- અને અહીં 160 પ્રકારની બીમારીઓને ડિટેક્ટ કરી શકાય છે.

**નોંધ :** (1) સાઉદી અરેબિયાના બુરઈદાહ ખાતે શરૂ થયેલી આ વિશ્વની સૌથી મોટી કેમલ હોસ્પિટલને 'ધ સલામ વેટરનરી હોસ્પિટલ' (The Salam Veterinary Hospital)નામ આપવામાં આવ્યું છે.

(2) આ અગાઉ વર્ષ 2017માં United Arab Emirates (UAE)ના દુબઈ ખાતે સ્પેશિયલ ઊંટોની સારવાર માટેની વિશ્વની પ્રથમ Camel Hospitalનો પ્રારંભ થયો હતો.



ICE ? Questions

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'હુમલાથી શિક્ષણના રક્ષણ માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 7 સપ્ટેમ્બર (B) 8 સપ્ટેમ્બર (C) 9 સપ્ટેમ્બર (D) 10 સપ્ટેમ્બર **(C)**

2. સપ્ટેમ્બર 2020 દરમિયાન ભારતના કયા રાજ્યમાંથી લૂઝ મીઠાના હેરફેર માટેની ભારતની પ્રથમ ટ્રેન રવાના થઈ હતી ?
(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત (C) રાજસ્થાન (D) મધ્યપ્રદેશ **(B)**

3. સપ્ટેમ્બર 2020 દરમિયાન ભારતમાં ગુજરાતના કયા સ્ટેશનેથી લૂઝ મીઠાના હેરફેર માટેની ભારતની પ્રથમ ટ્રેન રવાના થઈ હતી ?
(A) વવાણિયા, રાજકોટ (B) વવાણિયા, સુરેન્દ્રનગર
(C) વવાણિયા, મોરબી (D) વવાણિયા, ભાવનગર **(C)**

4. સપ્ટેમ્બર 2020 દરમિયાન ભારતમાં ગુજરાતના મોરબીના વવાણિયા ખાતેથી કયા શહેરમાં લૂઝ મીઠાની હેરફેર કરવામાં આવી હતી ?
(A) મૈસૂર (B) પટના (C) લખનૌ (D) વારાણસી **(D)**

5. ગુજરાતમાં સૌપ્રથમ વખત કયા શહેરમાં કોરોના મૃતદેહની રિસર્ચ ઓટોપ્સી કરવામાં આવી છે ?
(A) અમદાવાદ (B) સુરત (C) વડોદરા (D) રાજકોટ **(D)**

6. ગુજરાતના રાજકોટમાં કયા શહેર બાદ ભારતમાં બીજી વખત કોરોના મૃતદેહની રિસર્ચ ઓટોપ્સી કરવામાં આવી છે ?
(A) દિલ્હી (B) મુંબઈ (C) ભોપાલ (D) બેંગાલુરુ **(C)**

7. ભારતમાં સૌપ્રથમ વખત કયા શહેરમાં કોરોના મૃતદેહની રિસર્ચ ઓટોપ્સી કરવામાં આવી હતી ?
(A) દિલ્હી (B) મુંબઈ (C) ભોપાલ (D) બેંગાલુરુ **(C)**

8. કયા દેશમાં વિશ્વની સૌથી મોટી કેમલ હોસ્પિટલનો પ્રારંભ થયો છે ?
(A) સંયુક્ત આરબ અમિરાત (B) ઈરાન
(C) સાઉદી અરેબિયા (D) કુવૈત **(C)**

9. સાઉદી અરેબિયાના અલ કાસિમ પ્રાંતના કયા પાટનગરમાં ઊંટોની સારવાર માટેની વિશ્વની સૌથી મોટી હોસ્પિટલનો પ્રારંભ થયો છે ?
(A) જેદાહ (B) તાબુક (C) બુરઈદાહ (D) અલ જુબૈલ **(C)**

10. સાઉદી અરેબિયાના બુરઈદાહ ખાતે વિશ્વની સૌથી મોટી કેમલ હોસ્પિટલનો પ્રારંભ થયો છે...આ હોસ્પિટલનું નામ શું છે ?
(A) ધ સલમાન વેટરનરી હોસ્પિટલ (B) ધ સલમા વેટરનરી હોસ્પિટલ
(C) ધ સુલેમાન વેટરનરી હોસ્પિટલ (D) ધ સલામ વેટરનરી હોસ્પિટલ **(D)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**10 SEPTEMBER, 2020 THURSDAY**

## ➤ દિવસ મહિમા : 10 સપ્ટેમ્બર, વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ (World Suicide Prevention Day)

સમગ્ર વિશ્વમાં આત્મહત્યાની પ્રવૃત્તિ રોકવા માટે તથા એ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે **10 સપ્ટેમ્બર**ના રોજ **'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંગે વર્ષ **2003**થી વિવિધ પ્રવૃત્તિઓનો પ્રારંભ થયો છે.
- વર્ષ **2020**ના 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ'ની થીમ **'Working Together to Prevent Suicide' (આત્મહત્યા રોકવા માટે સાથે મળીને કામ કરવું) છે.**

**નોંધ :** (1) Chinese Centers for Disease Control and Preventionના વર્ષ 2011માં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર ચીનમાં દર વર્ષે લગભગ 20 લાખ લોકો આત્મહત્યા કરે છે.

(2) જેમાંથી 75 ટકા આત્મહત્યા ગ્રામીણ વિસ્તારોમાં થાય છે. ચીનમાં છેલ્લા પાંચ દાયકામાં આત્મહત્યાના પ્રમાણમાં 60 ટકાનો વધારો થયો છે.

## ➤ સમગ્ર ભારતમાં સૌપ્રથમ ગુજરાતમાં કેન્દ્ર સરકારની નવી 'શિક્ષણ નીતિ 2020'નો અમલ શરૂ થશે....?

ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ સમગ્ર ભારતમાં સૌપ્રથમ **ગુજરાત**માં કેન્દ્ર સરકારની નવી **'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020'**નો અમલ શરૂ કરવામાં આવશે એવી જાહેરાત કરી હતી.

- આ અંતર્ગત ગુજરાતમાં આ નવી **National Education Policy 2020**ના સફળ અમલીકરણ માટે ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી **શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**ની અધ્યક્ષતામાં **15 સભ્યો**ની એક **ટાસ્ક ફોર્સ**ની રચના પણ કરવામાં આવી છે.
- **શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**ની અધ્યક્ષતામાં રચાયેલી **15 સભ્યો**ની આ ટાસ્ક ફોર્સમાં ગુજરાતના રાજ્ય શિક્ષણ મંત્રી સુશ્રી વિભાવરીબેન દવે, IITEના કુલપતિ **ડૉ. હર્ષદ પટેલ**, રાજકોટના **શ્રી ગીજુભાઈ ભરાડ** વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### નવી શિક્ષણ નીતિનો અમલ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું ?

એ ખરું કે **ગુજરાત**ના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ સમગ્ર ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020'નો અમલ કરનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બનશે એવી જાહેરાત કરી હતી. અને એ અંગે **ટાસ્ક ફોર્સ**ની રચના પણ કરી હતી.

- પરંતુ, આ અગાઉ 25 ઓગસ્ટ 2020ના રોજ <u>મેઘાલય</u>ના મુખ્યમંત્રી <u>શ્રી કોનરાડ કે. સંગમા</u>એ પણ આ અંગેની ટાસ્ક ફોર્સની રચના કરીને ભારતમાં નવી 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ' 2020નો અમલ કરનાર <u>મેઘાલય</u> ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે એવી જાહેરાત કરી હતી.
- આ સમય દરમિયાન <u>કર્ણાટક</u> સરકારે પણ આ અંગેની <u>ટાસ્ક ફોર્સ</u>ની રચના કરીને ભારતમાં નવી 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020'નો અમલ કરનાર <u>કર્ણાટક</u> ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે એવી જાહેરાત કરી હતી.
- જ્યારે <u>હિમાચલ પ્રદેશ</u> સરકારે આ અંગેનું <u>નોટિફિકેશન (જાહેરનામું) પ્રસિદ્ધ કરીને તેમજ ટાસ્ક ફોર્સ</u>ની રચના કરીને ભારતમાં નવી 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020'નો અમલ શરૂ કરનાર <u>હિમાચલ પ્રદેશ</u> ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે એવી જાહેરાત કરી હતી.
- આથી, એક સાથે અનેક રાજ્યો દ્વારા કરવામાં આવેલી જાહેરાતને કારણે ભારતમાં નવી 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020'નો અમલ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું...એ હાલના તબક્કે સ્પષ્ટ થઈ શકે તેમ નથી. જોકે, આ અંગે કોઈ ચોક્કસ વિગત ઉપલબ્ધ થશે તો તે હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

## નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું સ્થાનિક ભાષામાં ભાષાંતર

ગુજરાતમાં <u>IITE</u> <u>ગાંધીનગર</u> દ્વારા કેન્દ્ર સરકારની નવી <u>રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020</u>નું <u>ગુજરાતી</u>માં ભાષાંતર કરવામાં આવ્યું છે.

- અને આ અંગેની <u>ગુજરાતી ભાષા</u>માં <u>પુસ્તિકા</u> પણ પ્રસિદ્ધ કરવામાં આવી છે.
- આ સાથે જ ભારત સરકારની નવી <u>રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020</u>નું <u>સ્થાનિક ભાષા</u>માં ભાષાંતર કરનાર <u>ગુજરાત</u> ભારતનું <u>પ્રથમ રાજ્ય</u> બની ગયું છે.
- આ માટે ગુજરાતના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ IITEના વાઈસ ચાન્સેલર ડૉ. હર્ષદ પટેલને અભિનંદન પણ પાઠવ્યા હતા.

**નોંધ :** (1) ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા <u>હિન્દી અને અંગ્રેજી</u> ભાષામાં 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020' પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

(2) ગુજરાતમાં <u>ગાંધીનગર</u> ખાતે આવેલી <u>IITE</u>નું પૂરું નામ <u>Indian Institute of Teacher Education</u> છે.

## ➤ 'ભારતીય બંધારણના રક્ષક' તથા 'કેરળના શંકરાચાર્ય' તરીકે પ્રસિદ્ધ સંત શ્રી કેશવાનંદ ભારતીજીનું નિધન

ભારતના પ્રસિદ્ધ સંત શ્રી કેશવાનંદ ભારતીજીનું 6 સપ્ટેમ્બર 2020ના રોજ કેરળના કાસરગોડ જિલ્લામાં આવેલા ઈડનીર મઠમાં 79 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 9 ડિસેમ્બર 1940ના રોજ થયો હતો.
- શ્રી ઈશ્વરાનંદ ભારતી સ્વામીજી તેમના ગુરૂ હતા.

### કેરળના શંકરાચાર્ય

'કેરળના શંકરાચાર્ય' તરીકે પ્રસિદ્ધ સંત શ્રી કેશવાનંદ ભારતીજી કેરળના કાસરગોડ જિલ્લામાં આવેલા ઈડનીર મઠના વડા હતા.

- કેરળનો સુપ્રસિદ્ધ ઈડનીર શૈવ મઠ લગભગ 1200 વર્ષ જૂનો પ્રાચીન મઠ છે.
- તેને આદી શંકરાચાર્યની પીઠ પણ કહેવામાં આવે છે.
- પોતાના ગુરુના નિધન બાદ તેઓ માત્ર 20 વર્ષની ઉંમરે આ મઠના વડા બન્યા હતા.
- ભારતીય અધ્યાત્મ પરંપરાને જાળવવામાં તેમજ સમાજસેવામાં આ મઠનું મહત્ત્વનું યોગદાન છે.
- આ ઉપરાંત ભારતીય નૃત્ય પરંપરા, કળા તથા સંગીતને પ્રોત્સાહન આપવા માટે પણ કાસરગોડ અને તેની આસપાસના વિસ્તારોમાં દાયકાઓથી આ મઠની ઘણી સ્કૂલ–કોલેજો ચાલે છે.

### ભારતીય બંધારણના રક્ષક

ભારતમાં સુપ્રીમ કોર્ટની 13 જજોની બેન્ચે 7 વિરુદ્ધ 6ના મતથી 'કેશવાનંદ ભારતી વિરુદ્ધ કેરળ સ્ટેટ'ના કેસમાં 24 એપ્રિલ, 1973ના રોજ એક ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો.

- આ ચુકાદાને કારણે સંત શ્રી કેશવાનંદ ભારતીજીને 'ભારતીય બંધારણના રક્ષક' તરીકે ઓળખવામાં આવે છે.
- 1970ના દાયકામાં જમીન સુધારણા કાયદા અંતર્ગત કેરળ સરકારે ઈડનીર મઠની સેંકડો એકર જમીન સંપાદિત કરી લીધી હતી.
- આથી, આ અંગે શ્રી કેશવાનંદ ભારતીજીએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.
- જેમાં સુપ્રીમ કોર્ટના તત્કાલીન ચીફ જસ્ટિસ એસ. એમ. સિકરી અથવા તો સર્વ મિત્ર સિકરીની અધ્યક્ષતા વાળી 13 જજની બેન્ચે શ્રી કેશવાનંદ ભારતીજીની તરફેણમાં ઐતિહાસિક ચુકાદો આપતા જણાવ્યું હતું કે –

ભારતની સંસદ પાસે <u>અનુચ્છેદ 368</u> અંતર્ગત બંધારણમાં સુધારો કરવાનો અધિકાર છે.... પરંતુ તે <u>ભારતીય બંધારણના મૂળભૂત માળખાને બદલી શકે નહિ</u>.... ભારતીય બંધારણમાં કરવામાં આવેલો કોઈપણ સુધારો <u>ભારતીય બંધારણની મૂળ ભાવનાની વિરુદ્ધનો હોઈ શકે નહિ</u>.

- આ ઐતિહાસિક ચુકાદાને કારણે ભારતના બંધારણમાં સંશોધન કરવાની સંસદની અમર્યાદિત સત્તા પર રોક લાગી હતી.
- આ કેસની સુનાવણી <u>31 ઓક્ટોબર 1972થી 23 માર્ચ 1973</u> દરમિયાન <u>68 દિવસ</u> સુધી ચાલી હતી.

**નોંધ :** (1) આ કેસમાં સુપ્રીમ કોર્ટે <u>13 જજની બેન્ચ</u>ની રચના કરી હતી. જે સુપ્રીમ કોર્ટની અત્યાર <u>સુધીની સૌથી મોટી બેન્ચ</u> છે.

(2) આ કેસમાં શ્રી કેશવાનંદ ભારતીજીના વકીલ <u>શ્રી નાની પાલખીવાલા</u> હતા.

(3) આ કેસ અંતર્ગત સુપ્રીમ કોર્ટે ભારતીય બંધારણના <u>'મૂળભૂત માળખાનો સિદ્ધાંત'</u> અથવા તો <u>'બંધારણની મૂળ સંરચનાનો સિદ્ધાંત'</u> આપ્યો હતો.





ICE Questions

1. 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 8 સપ્ટેમ્બર (B) 9 સપ્ટેમ્બર (C) 10 સપ્ટેમ્બર (D) 11 સપ્ટેમ્બર **(C)**

2. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના અમલ માટે રોડ મેપ તૈયાર કરવા ગુજરાતમાં કેટલા સભ્યોની એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે ?
(A) 10 (B) 15 (C) 16 (D) 20 **(B)**

3. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના અમલ માટે રોડ મેપ તૈયાર કરવા ગુજરાતમાં કોની અધ્યક્ષતામાં 15 સભ્યોની એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે ?
(A) શ્રી નીતિનભાઈ પટેલ (B) શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા
(C) શ્રી કૌશિક પટેલ (D) સુશ્રી વિભાવરીબેન દવે **(B)**

4. ભારત સરકારની નવી શિક્ષણ નીતિ 2020નો સ્થાનિક ભાષામાં ભાષાંતર કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ?
(A) કર્ણાટક (B) મેઘાલય (C) ગુજરાત (D) હિમાચલ પ્રદેશ **(C)**

5. ગુજરાતની કઈ સંસ્થા દ્વારા ભારત સરકારની નવી શિક્ષણ નીતિ 2020નું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરવામાં આવ્યું છે ?
(A) ગુજરાત યુનિવર્સિટી (B) ગૂજરાત વિદ્યાપીઠ
(C) ITI, ગાંધીનગર (D) IITE, ગાંધીનગર **(D)**

6. 'ભારતીય બંધારણના રક્ષક' તરીકે પ્રસિદ્ધ સંત શ્રી કેશવાનંદ ભારતીજીનું ભારતના કયા રાજ્યમાં આવેલા એક મઠમાં નિધન થયું છે ?
(A) કેરળ (B) તેલંગાણા (C) તમિલનાડુ (D) આંધ્રપ્રદેશ **(A)**

7. 'ભારતીય બંધારણના રક્ષક' તરીકે પ્રસિદ્ધ સંત શ્રી કેશવાનંદ ભારતીજીનું તાજેતરમાં નિધન થયું છે.... તેઓ કેરળના કયા પ્રસિદ્ધ મઠના વડા હતા ?
(A) ઈડિઈકી મઠ (B) ઈદનુર મઠ (C) ઈદલીબ મઠ (D) ઈડનીર મઠ **(D)**

8. 'ભારતીય બંધારણના રક્ષક' તરીકે પ્રસિદ્ધ સંત શ્રી કેશવાનંદ ભારતીજીનું તાજેતરમાં નિધન થયું છે.... તેઓ કેરળના કયા જિલ્લામાં આવેલા ઈડનીર મઠના વડા હતા ?
(A) કન્નુર (B) કાસરગોડ (C) વાયનાડ (D) કોઝિકોડ **(B)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**9.** ભારતની સુપ્રીમ કોર્ટ દ્વારા કયા કેસમાં ભારતીય બંધારણના ‘મૂળભૂત માળખાનો સિદ્ધાંત’ આપવામાં આવ્યો હતો ?

(A) શંકરી પ્રસાદ વિ. ભારત સરકાર

(B) સજ્જન સિંહ વિ. રાજસ્થાન સરકાર

(C) કેશવાનંદ ભારતી વિ. કર્ણાટક સ્ટેટ

(D) કેશવાનંદ ભારતી વિ. કેરળ સ્ટેટ **(D)**

---

**10.** ભારતના ઐતિહાસિક ‘કેશવાનંદ ભારતી વિરુદ્ધ કેરળ સ્ટેટ’ના કેસના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. આ કેસની સુનાવણી માટે સુપ્રીમ કોર્ટની અત્યાર સુધીની સૌથી મોટી 13 ન્યાયાધીશોની બેન્ચની રચના કરવામાં આવી હતી.
2. આ કેસની સુનાવણી માટે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એસ. એમ. સિકરી અથવા તો સર્વ મિત્ર સિકરીની અધ્યક્ષતામાં ન્યાયાધીશોની બેન્ચની રચના કરવામાં આવી હતી.

Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1

(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**



## 11 SEPTEMBER, 2020 FRIDAY

## ➤ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ગુજરાતના 5 જિલ્લામાં ‘કોવિડ-19 વિજય રથ’નો શુભારંભ

સપ્ટેમ્બર 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતના **ગાંધીનગર** ખાતેથી ગુજરાતના **5 જિલ્લાઓ**માં **‘કોવિડ-19 વિજય રથ’**નો **ઈ-ફ્લેગ**થી **લીલી ઝંડી આપીને** શુભારંભ કરાવ્યો છે.

- આ ‘કોવિડ-19 વિજય રથ’નો મુખ્ય ઉદ્દેશ ગુજરાતમાં કોરોના મહામારી સામે જાગૃતિ લાવીને કોરોના સામેના જંગમાં ગુજરાતને વિજય અપાવવાનો છે.
- આ અંતર્ગત ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના આ 5 જિલ્લાઓમાં ‘કોવિડ-19 વિજય રથ’નો શુભારંભ કરાવ્યો હતો :

(1) **જૂનાગઢ**
(2) **કચ્છ-ભૂજ**
(3) **બનાસકાંઠા**
(4) **સુરત અને**
(5) **અમદાવાદ**



### ધ્યેય મંત્ર

ગુજરાતમાં –

(1) **સાવચેતીને સંગ જીતીશું જંગ તેમજ**
(2) **સરકારને સંગ જીતીશું જંગ**

ના ધ્યેયમંત્ર સાથે આ વિજય રથનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

### કોના દ્વારા આ વિજય રથનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?

ગુજરાતમાં –

(1) **Press Information Bureau (PIB)**
(2) **UNICEF અને**
(3) **ગુજરાત યુનિવર્સિટી**

ના સંકલિત પ્રયાસોથી આ **‘કોવિડ-19 વિજય રથ’**નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

**નોંધ :** (1) ગુજરાતમાં આ રથ ગુજરાતના તમામ 33 જિલ્લાના 90 જેટલા તાલુકામાં 44 દિવસ ભ્રમણ કરીને લોકોને કોરોના પ્રત્યે જાગૃત કરશે.

(2) આ રથ પ્રતિદિન 60 કિમી જેટલું અંતર કાપશે. જેમાં રાજ્યભરના 350થી વધુ વિવિધ કલાકારો કોરોના સામે સાવચેતીના પગલાં અંગે સંદેશો આપશે.

(3) 'કોવિડ-19 વિજય રથ' ઉપરાંત ગુજરાતમાં 'ધન્વંતરી રથ', 'સંજીવની રથ' અને 104 હેલ્પલાઈનના માધ્યમથી કોરોના સામે જંગ છેડવામાં આવ્યો છે.

## ➤ ગુજરાતના સિરામીક ઉદ્યોગોને ગેસ બીલમાં 16 ટકાની રાહત આપવાનો ગુજરાત સરકારનો નિર્ણય



ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના સિરામીક ઉદ્યોગોને ગેસ બીલમાં 16 ટકાની રાહત આપવાનો મહત્ત્વનો નિર્ણય કર્યો છે.

- સરકારના આ નિર્ણયથી ગુજરાતના મોરબી, સુરેન્દ્રનગર અને સાબરકાંઠા જિલ્લાના કુલ 1160 સિરામીક ઉદ્યોગોને રાહત થશે.
- આ અંતર્ગત તેમને ગુજરાત ગેસ કંપની લિમિટેડ તથા સાબરમતી ગેસ લિમિટેડના ગેસ બિલમાં પ્રતિ SCM (Standard Cubic Meter) રૂ. 2.50ની વધારાની રાહત મળશે.
- આ અગાઉ પણ આ ઉદ્યોગોને ગેસ બિલમાં પ્રતિ SCM રૂ. 2.00ની રાહત આપવામાં આવી હતી.
- હવે, 8 સપ્ટેમ્બર 2020થી તેમાં બીજી વધારાની રૂ. 2.50ની છૂટ પછી કુલ રૂ. 4.50 રાહત દ્વારા ગેસના નવા ભાવ રૂ. 24.91 પ્રતિ SCM થયા છે.
- આ ભાવ મે 2020ના ભાવની તુલનાએ 16 ટકા ઓછો છે.
- આમ, ગુજરાતમાં સિરામીક ઉદ્યોગોને ગેસ બિલમાં 16 ટકાનું ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું છે.

## ➤ ભારતનું વિદેશી હૂંડિયામણ અનામત રેકોર્ડ 534.568 બિલિયન ડોલરની રેકોર્ડ સપાટીએ પહોંચ્યું

ભારતમાં RBI ગવર્નર શ્રી શક્તિકાંત દાસે આપેલી માહિતી અનુસાર 31 જુલાઈ 2020ના રોજ સમાપ્ત થયેલા સપ્તાહને અંતે ભારતનું વિદેશી હૂંડિયામણ અનામત (Foreign Exchange Reserves) વધીને 534.568 બિલિયન ડોલર થઈ ગયું હતું.

- જે ભારતનું 31 જુલાઈ 2020 સુધીનું સૌથી વધુ વિદેશી હૂંડિયામણ અનામત ભંડોળ હતું.
- 31 જુલાઈ 2020ના રોજ સમાપ્ત થયેલા સપ્તાહમાં ભારતના વિદેશી હૂંડિયામણમાં 11.93 અબજ ડોલરનો વધારો થયો હતો.
- આ વધારાને કારણે ભારતનું વિદેશી હૂંડિયામણ 534.568 બિલિયન ડોલર અથવા તો 534.568 અબજ ડોલરની ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયું હતું.
- જે ભારતની 13.4 મહિનાની આયાત સંતોષવા માટે સક્ષમ છે.

**નોંધ :** (1) કોરોના મહામારીના આ વિપરિત સમયમાં પણ ભારતના વિદેશી હૂંડિયામણમાં થયેલો આ વધારો ભારતીય અર્થતંત્રની મજબૂતી દર્શાવે છે.

(2) આ અગાઉ 1991માં ભારત પાસે વિદેશી હૂંડિયામણ માત્ર 5.8 અબજ ડોલર થઈ ગયું હતું. આથી, આ સંકટમાંથી બચવા માટે ભારતે ગોલ્ડ રિઝર્વ અનામત રાખ્યું હતું.



## ICE ? Questions

1. સપ્ટેમ્બર 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ગાંધીનગર ખાતેથી ગુજરાતના કેટલા જિલ્લાઓમાં 'કોવિડ-19 વિજય રથ'નો ઈ–ફ્લેગથી લીલી ઝંડી આપીને શુભારંભ કરાવ્યો હતો ?
   (A) 3 (B) 5 (C) 7 (D) 11 **(B)**

2. સપ્ટેમ્બર 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ગાંધીનગર ખાતેથી ગુજરાતના કયા પાંચ જિલ્લાઓમાં 'કોવિડ-19 વિજય રથ'નો ઈ–ફ્લેગથી લીલી ઝંડી આપીને શુભારંભ કરાવ્યો હતો ?
   (A) અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, ગાંધીનગર
   (B) અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, કચ્છ
   (C) અમદાવાદ, રાજકોટ, બનાસકાંઠા, જૂનાગઢ, કચ્છ
   (D) અમદાવાદ, સુરત, બનાસકાંઠા, જૂનાગઢ, કચ્છ **(D)**

3. ગુજરાતમાં કયા ધ્યેયમંત્ર સાથે 'કોવિડ-19 વિજય રથ'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો ?
   1. સાવચેતીને સંગ જીતીશું જંગ
   2. સરકારને સંગ જીતીશું જંગ

   Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
   (C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

4. ગુજરાતમાં કોના પ્રયાસોથી 'કોવિડ-19 વિજય રથ'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો ?
   (A) ગુજરાત યુનિવર્સિટી (B) PIB
   (C) UNICEF (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

5. ગુજરાતના કયા ઉદ્યોગોને ગેસ બીલમાં 16 ટકાની રાહત આપવાનો ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે ?
   (A) MSME (B) કાપડ (C) હેન્ડલૂમ (D) સિરામીક **(D)**

6. ગુજરાતના સિરામીક ઉદ્યોગોને ગેસ બીલમાં કેટલા ટકાની રાહત આપવાનો ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે ?
   (A) 10 (B) 12 (C) 14 (D) 16 **(D)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

7. વર્ષ 2020ના કયા વીકમાં ભારતનું વિદેશી હૂંડિયામણ રેકોર્ડ 534.568 અથવા તો 534.56 બિલિયન ડોલરની સપાટીએ પહોંચી ગયું હતું ?

(A) 30 જૂન 2020ના રોજ સમાપ્ત થયેલા સપ્તાહમાં

(B) 31 જુલાઈ 2020ના રોજ સમાપ્ત થયેલા સપ્તાહમાં

(C) 31 ઓગસ્ટ 2020ના રોજ સમાપ્ત થયેલા સપ્તાહમાં

(D) ત્રણમાંથી કોઈ નહિ (B)

8. 31 જુલાઈ 2020ના રોજ સમાપ્ત થયેલા સપ્તાહમાં ભારતનું વિદેશી હૂંડિયામણ રેકોર્ડ કેટલા બિલિયન ડોલરની સપાટીએ પહોંચી ગયું હતું ?

(A) 434.56 (B) 534.56 (C) 634.56 (D) 734.56 (B)

YouTube
ICE RAJKOT
SUBSCRIBE

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

દરેક નવા વીડિયોના NOTIFICATION
માટે BELL icon PRESS કરો.

**12 SEPTEMBER, 2020 SATURDAY**

## ➤ ભારતમાં સ્વદેશી હાઈપરસોનિક મિસાઈલના નિર્માણ માટે Hypersonic Technology Demonstrator Vehicleનું સફળ પરીક્ષણ

સપ્ટેમ્બર 2020 દરમિયાન ભારતે સ્વદેશી **Hypersonic Technology Demonstrator Vehicle (HSTDV)**નું સફળ પરીક્ષણ કર્યું છે.

- આ સાથે જ આ ટેક્નોલોજી મેળવનારો **ભારત વિશ્વનો ચોથો** દેશ બની ગયો છે.
- આ અગાઉ માત્ર **અમેરિકા, રશિયા અને ચીન** પાસે જ આ ટેક્નોલોજી હતી.
- HSTDVના સફળ પરીક્ષણ બાદ ભારત માટે સ્વદેશી હાઈપર સોનિક મિસાઈલ બનાવવાનો માર્ગ મોકળો થઈ ગયો છે.
- ભારત આ ટેક્નોલોજીની મદદથી હવે પોતાની **સ્વદેશી હાઈપરસોનિક મિસાઈલ** બનાવી શકશે.

### HSTDVનું કયાંથી પરીક્ષણ કરવામાં આવ્યું હતું ?

ભારતમાં **ઓડિશા**ના **ચાંદીપુર** ખાતે આવેલા **અબ્દુલ કલામ આઈલેન્ડ** (જૂનું નામ : **વ્હિલર આઈલેન્ડ**) પરથી આ HSTDVનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

- આ વ્હિકલમાં **સ્ક્રેમજેટ (Scramjet) એન્જિન**નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- જેમાં આ પરીક્ષણ દરમિયાન આ વ્હિકલે **મેક 6** એટલે કે **હવામાં અવાજની ગતિથી છ ગણી ઝડપ** મેળવી હતી.
- એટલે કે તેણે અંદાજે પ્રતિ કલાક **7500 કિલોમીટર**ની ઝડપ હાંસલ કરી હતી.
- આ સાથે જ ભારત હાઈપરસોનિક સ્પીડ હાંસલ કરનારો વિશ્વનો **ચોથો દેશ** બની ગયો છે.
- હવે આ સ્વદેશી ટેકનોલોજીની મદદથી **ભારત 7500 કિમી પ્રતિ કલાક**ની ઝડપે પ્રહાર કરી શકતી **હાઈપરસોનિક મિસાઈલ**નું નિર્માણ કરી શકશે.
- જે ડિફેન્સ રિસર્ચના ક્ષેત્રમાં ભારતની બહુ મોટી સિદ્ધિ છે.
- ભવિષ્યમાં આ ટેકનોલોજીની મદદથી **સેટેલાઈટનું લોન્ચિંગ** પણ ખૂબ જ ઓછા ખર્ચે થઈ શકશે.

**નોંધ :** આ પરીક્ષણ માટે ભારતે **અગ્નિ મિસાઈલના બુસ્ટર**નો ઉપયોગ કર્યો હતો.

## ભારતમાં કઈ સંસ્થા દ્વારા આ ટેકનોલોજી વિકસાવવામાં આવી છે ?

ભારતમાં DRDO દ્વારા આ ટેકનોલોજી વિકસાવવામાં આવી છે.

- અને DRDO દ્વારા જ તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## DRDO

DRDOનું પૂરું નામ 'Defence Research and Development Organisation' (**સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા**) છે.

- તેની સ્થાપના 1958માં થઈ હતી.
- તેનું વડુંમથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- તેનો મોટો (ધ્યેય વાક્ય) **'બલસ્ય મૂલં વિજ્ઞાનમ્'** છે.
- DRDOએ ભારતમાં સંરક્ષણ સંબંધિત સંશોધન માટેની એક અગ્રણી સંસ્થા છે.
- તે ભારતના **સંરક્ષણ મંત્રાલય**ના એક અભિન્ન અંગ તરીકે કાર્ય કરે છે.

**નોંધ :** DRDOના વર્તમાન (12 ઓગસ્ટ, 2020ની સ્થિતિએ) અધ્યક્ષ **શ્રી જી. સતીશ રેડ્ડી** છે.

## હાઈપરસોનિક સ્પીડ એટલે શું ?

હવામાં અવાજની ગતિથી **5થી 10 ગણી વધુ ઝડપ**ને હાઈપરસોનિક સ્પીડ તરીકે ઓળખવામાં આવે છે.

- આ ગતિને **મેક (Mach) 5 થી 10** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- હવામાં અવાજની ગતિ જેટલી જ ઝડપ **મેક (Mach) 1** તરીકે ઓળખાય છે.
- આ અંતર્ગત અવાજની ગતિના સંદર્ભમાં વિવિધ સ્પીડના નામ આ પ્રમાણે છે :

| ક્રમ | નામ | Mach | વિશેષતા |
|---|---|---|---|
| 1 | સબસોનિક | 0.8 | હવામાં અવાજની ગતિથી ઓછી ઝડપ |
| 2 | સોનિક | 1.0 | હવામાં અવાજની ગતિ જેટલી જ ઝડપ |
| 3 | ટ્રાન્સસોનિક | 0.8 થી 1.3 | હવામાં અવાજની ગતિથી 0.8થી 1.3 ગણી ઝડપ |
| 4 | સુપરસોનિક | 1.3 થી 5 | હવામાં અવાજની ગતિથી 1.3 થી 5 ગણી ઝડપ |
| 5 | હાઈપરસોનિક | 5 થી 10 | હવામાં અવાજની ગતિથી 5 થી 10 ગણી ઝડપ |
| 6 | હાઈહાઈપરસોનિક | 10 થી 25 | હવામાં અવાજની ગતિથી 10થી 25 ગણી ઝડપ |
| 7 | રી એન્ટ્રી સ્પીડસ | 25 થી વધારે | હવામાં અવાજની ગતિથી 25થી વધારે ગણી ઝડપ |

**નોંધ :** (1) ભારત દ્વારા હાલ પરીક્ષણ કરવામાં આવેલા હાઈપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલે (HSTDV)એ મેક 6ની હાઈપરસોનિક સ્પીડ મેળવી હતી.

(2) હાઈપરસોનિક મિસાઈલને રડારમાં પકડી શકાતી નથી. તેથી તેને વિશ્વની સૌથી ઘાતક મિસાઈલ માનવામાં આવે છે.

## ➤ ભારતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી પરેશ રાવલની National School of Dramaના નવા ચેરમેન તરીકે નિમણૂક

ભારતમાં નવી દિલ્હી ખાતે આવેલી National School of Drama (NSD)ના નવા ચેરમેન તરીકે પ્રસિદ્ધ અભિનેતા શ્રી પરેશ રાવલની નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી પરેશ રાવલ ગુજરાતમાં અમદાવાદ પૂર્વ લોકસભા સીટ પરથી 2014થી 2019 દરમિયાન ભારતના પૂર્વ સાંસદ રહયા હતા.
- NSDના નવા ચેરમેન તરીકે શ્રી પરેશ રાવલે શ્રી રતન થિયામનું સ્થાન લીધું છે.
- શ્રી રતન થિયામનો કાર્યકાળ પૂરો થયા બાદ વર્ષ 2017થી આ પદ ખાલી હતું.

**નોંધ :** (1) શ્રી પરેશ રાવલ NSDના ચેરમેન બનતા વિદ્યાર્થીઓને તેમના અભિનેતા તરીકેના અનુભવનો લાભ મળશે.

(2) ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે શ્રી પરેશ રાવલની આ પદ પર નિમણૂક કરી હતી.

## ➤ ફ્રાન્સની દસોલ્ટ એવિએશન દ્વારા નિર્મિત મહાવિનાશક રાફેલ વિમાનનો ભારતીય વાયુસેનામાં વિધિવત્ સમાવેશ

10 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ અને ફ્રાન્સના સૈન્ય દળ મંત્રી સુશ્રી ફ્લોરેન્સ પાર્લીની ઉપસ્થિતિમાં ભારતમાં રાફેલ વિમાનનો ભારતીય વાયુસેનામાં વિધિવત્ સમાવેશ કરવામાં આવ્યો છે.

- આ માટેનો ઔપચારિક સમારોહ ભારતમાં હરિયાણાના અંબાલા ખાતે આવેલા 'અંબાલા એર ફોર્સ સ્ટેશન' (Ambala Air Force Station) ખાતે યોજાયો હતો.
- આ પ્રસંગે રાફેલ વિમાનોનું પરંપરાગત વોટર સેલ્યુટ (જળ સલામી) દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

## રાફેલ વિમાનનું ભારતમાં આગમન

27 જુલાઈ, 2020ના રોજ ફ્રાન્સના Merignac (મેરિનેક) નામના કોમ્યુન (Commune) અથવા તો પ્રાંતમાં આવેલા દસોલ્ટ એવિએશનના પ્લાન્ટમાંથી 5 રાફેલ વિમાનોએ ભારત આવવા માટે ઉડાન ભરી હતી.

- આ પાંચ રાફેલ વિમાનોમાં 3 સિંગલ સીટર વિમાન અને 2 ડબલ સિટર વિમાનનો સમાવેશ થાય છે.
- આ પાંચ વિમાનો લગભગ 8500 કિમી જેટલું અંતર કાપીને 29 જુલાઈ 2020ના રોજ ભારતના હરિયાણાના અંબાલા ખાતે આવેલા 'અંબાલા એર ફોર્સ સ્ટેશન' પર લેન્ડ થયા હતા.
- લેન્ડિંગ અગાઉ આ વિમાનોના સ્વાગત માટે બે સુખોઈ-30 MKI વિમાન દ્વારા તેને એસ્કોર્ટ કરવામાં આવ્યા હતા.
- ફ્રાન્સથી ભારત વચ્ચેની લગભગ 8500 કિમીની સફરમાં આ પાંચ રાફેલ વિમાનોએ ફકત એક જ જગ્યાએ સંયુકત આરબ અમિરાત (UAE)ના અબુ ધાબી પાસે આવેલા અલ ધાફરા એર બેઝ (Al Dhafra Air Base) ખાતે રોકાણ કર્યું હતું.



**નોંધ :** આ રાફેલ વિમાનોએ જ્યારે હિંદમહાસાગરમાં ભારતીય વાયુસીમામાં પ્રવેશ કર્યો ત્યારે ભારતીય નૌસેનાના જહાજ INS કોલકાતાના કપ્તાને 'તમે આકાશની ઊંચાઈઓને આંબો' એમ કહીને તેનું સ્વાગત કર્યું હતું.

## રાફેલ ઉડાવનાર પ્રથમ ભારતીય પાઈલટ

આ પાંચ રાફેલ વિમાનોને ફ્રાન્સથી ભારત, ભારતીય પાઈલટો દ્વારા જ લાવવામાં આવ્યા હતા.

- જેમાંથી **એર કોમોડોર હિલાલ અહમદ રાઠેર (Hilal Ahmed Rather)** ભારતને સોંપાયેલ રાફેલ વિમાન ઉડાવનાર **પ્રથમ ભારતીય પાઈલટ** બની ગયા છે.
- શ્રી હિલાલ અહમદ **જમ્મુ કાશ્મીર**ના **અનંતનાગ** જિલ્લાના વતની છે.

**નોંધ :** (1) ભારતે ફ્રાન્સ પાસેથી 36 રાફેલ વિમાનો ખરીદવા માટે ડીલ કરી હતી. જેમાંથી **પ્રથમ 5 વિમાનો** ભારત આવી પહોંચ્યા છે.

(2) આ અગાઉ **8 ઓક્ટોબર, 2019**ને **વિજયાદશમી**ના રોજ તેમજ **ભારતીય વાયુસેનાના 87મા સ્થાપના દિન** નિમિત્તે ફ્રાન્સના **Merignac (મેરિનેક)** ખાતે આવેલા પ્લાન્ટમાં **દસોલ્ટ એવિએશન** દ્વારા પ્રતિકાત્મક રીતે ભારતના સંરક્ષણ મંત્રી **શ્રી રાજનાથ સિંહ**ને **પ્રથમ રાફેલ વિમાન** સુપરત કરવામાં આવ્યું હતું.

(3) શ્રી રાજનાથ સિંહે ફ્રાન્સમાં આ પ્રથમ રાફેલ વિમાન પર ૐ લખીને તેની પૂજા પણ કરી હતી.

(4) હવે 29 જુલાઈ, 2020ના રોજ આ પ્રથમ રાફેલ વિમાન સહિત કુલ 5 વિમાન ભારત આવી પહોંચ્યા છે. અને તેમને ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યા છે.

## સૌપ્રથમ કઈ સ્ક્વાડ્રનમાં આ વિમાનોને સામેલ કરવામાં આવ્યા છે ?

ભારતમાં આવી પહોંચેલા આ પ્રથમ 5 રાફેલ વિમાનોને ભારતમાં સૌપ્રથમ ભારતીય વાયુસેનાની **'17મી સ્ક્વાડ્રન'**માં સામેલ કરવામાં આવ્યા છે.

- ભારતમાં **હરિયાણા**ના **અંબાલા એર ફોર્સ સ્ટેશન** ખાતે ભારતીય વાયુસેનાની આ '17મી સ્ક્વાડ્રન' આવેલી છે.
- ભારતીય વાયુસેનાની આ '17મી સ્ક્વાડ્રન'ને **'ગોલ્ડન એરોઝ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ફ્લાઈટ લેફટેનન્ટ **ડી. એલ. સ્પ્રિંગેટ**ના નેતૃત્વમાં **અંબાલા**માં **1 ઓક્ટોબર, 1951**ના રોજ આ સ્ક્વાડ્રનની સ્થાપના થઈ હતી.
- જે બાદમાં વિખેરાઈ ગઈ હતી. અને રાફેલ વિમાનના સંચાલન માટે **10 સપ્ટેમ્બર, 2019**ના રોજ ભારતીય વાયુ સેના દ્વારા તેને ફરીથી શરૂ કરવામાં આવી હતી.

**નોંધ :** ભારતને મળનાર 36 રાફેલ વિમાનોમાંથી 18ને હરિયાણાના અંબાલા તથા 18ને પશ્ચિમ બંગાળના હાસીમારા એર બેઝ ખાતે રાખવામાં આવશે.

## રાફેલ વિમાનની વિશેષતા

તાજેતરમાં ભારતને સુપરત કરવામાં આવેલા રાફેલ વિમાનને ભારતીય વાયુસેનાના વડા **શ્રી રાકેશકુમાર સિંહ ભદોરિયા**ના નામ પરથી **RB 001** નામ આપવામાં આવ્યું છે.

- શ્રી રાજનાથ સિંહના જણાવ્યા અનુસાર '**રાફેલ**'નો અર્થ '**આંધી**' થાય છે.
- રાફેલ એ **ફ્રાન્સ**નું અતિ આધુનિક **બે એન્જિન** ધરાવતું **મલ્ટિરોલ ફાઈટર વિમાન** છે.
- આ વિમાન **હવામાંથી હવામાં** તેમજ **હવામાંથી જમીન પર** પ્રહાર કરવાની ક્ષમતા ધરાવતી **મિટિઅર અને સ્કાલ્પ (Meteor and Scalp)** જેવી વિશિષ્ટ **મિસાઈલ**થી સજ્જ છે.
- જેમાં **સ્કાલ્પ** મિસાઈલની રેન્જ લગભગ 300 કિમી સુધીની છે.
- આ વિમાન એન્ટિ શિપ એટેકથી લઈને પરમાણુ હુમલા તેમજ ક્લોઝ એરસપોર્ટ અને લેસર ડાઈરેક્ટ લોંગ રેન્જ મિસાઈલ હુમલા કરી શકે છે.
- આ વિમાન એક જ મિનિટમાં 60,000 ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે છે તેવું કહેવાય છે.
- રાફેલ વિમાન આશરે **24500 કિલો** સુધીનું વજન લઈ જવામાં સક્ષમ છે.
- તેની મહત્તમ ઝડપ પ્રતિ કલાક **2223** કિમી સુધીની છે. તે માત્ર એક કલાકની અંદર દિલ્હીથી પાકિસ્તાનના કવેટા અને કવેટાથી પરત દિલ્હી ફરી શકે છે. આ બંને વચ્ચેનું કુલ અંતર 1986 કિમી જેટલું છે.
- તે પરમાણુ મિસાઈલ વહન કરવા માટે સક્ષમ છે.
- તે હવામાં ઉડતું હોય ત્યારે પણ તેમાં ઈંધણ ભરી શકાય છે.
- આ વિમાન **4.5 જનરેશનનું** ફાઈટર પ્લેન છે.
- આ વિમાનમાં ભારતની જરૂરિયાત મુજબ ઈઝરાયેલી હેલમેટ માઉન્ટેડ ડિસ્પ્લે, રડાર વોર્નિંગ રિસિવર્સ, લો બેન્ડ જામર્સ, 10 કલાકની ફલાઈટ ડેટા રેકોર્ડિંગ સિસ્ટમ, ઈન્ફ્રારેડ સર્ચ, ટ્રેકિંગ સિસ્ટમ વગેરે જેવી અનેક ટેક્નોલોજી ઉમેરવામાં આવી છે.
- ફ્રાન્સની **દસોલ્ટ એવિએશન (Dassault Aviation)** નામની કંપની દ્વારા આ વિમાનની ડિઝાઈન તથા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.

# રાફેલ
## વિમાનની વિશેષતા



ફ્રાન્સની
દસોલ્ટ એવિએશન
(Dassault Aviation)
નામની કંપની દ્વારા
આ વિમાનની ડિઝાઈન
તથા તેનું નિર્માણ
કરવામાં આવ્યું છે.

### વજન
આશરે 24500 કિલો સુધીનું
વજન લઈ જવામાં સક્ષમ

### મહત્તમ ઝડપ
પ્રતિ કલાક 2223 કિમી

### જનરેશન
4.5 જનરેશનનું ફાઈટર પ્લેન

### ઊંચાઈ
એક જ મિનિટમાં 60,000 ફૂટની
ઊંચાઈ સુધી પહોંચી શકે

પરમાણુ મિસાઈલ
વહન કરવા માટે સક્ષમ

બે એન્જિન ધરાવતું
મલ્ટિરોલ ફાઈટર વિમાન

મિટિઅર અને સ્કાલ્પ
(Meteor and Scalp)
જેવી વિશિષ્ટ મિસાઈલથી સજ્જ

સ્કાલ્પ મિસાઈલની રેન્જ
લગભગ 300 કિમી સુધીની

ભારતીય વાયુસેનાના
વડા
શ્રી રાકેશકુમાર સિંહ
ભદોરિયાના નામ
પરથી RB 001
નામ આપવામાં આવ્યું

## ભારત-ફ્રાન્સ રાફેલ ડીલ

થોડા સમય અગાઉ એપ્રિલ, 2015 દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમની ફ્રાન્સ મુલાકાત દરમિયાન ફ્રાન્સ પાસેથી 36 રાફેલ વિમાન ખરીદવા માટે જાહેરાત કરી હતી.

- ત્યારબાદ જાન્યુઆરી, 2016 દરમિયાન આ માટે ભારત અને ફ્રાન્સ વચ્ચે MOU થયા હતા.
- આ MOU બાદ ભારત-ફ્રાન્સ વચ્ચે 23 સપ્ટેમ્બર, 2016ના રોજ ફાઈનલ ડીલ થઈ હતી. આ ડીલ અંતર્ગત ભારતના તત્કાલીન સંરક્ષણ મંત્રી શ્રી મનોહર પારિકર અને તેમના ફ્રેન્ચ સમકક્ષ શ્રી જીન ચવેસ લે ડ્રીઆને 'ઈન્ટર ગવર્નમેન્ટલ એગ્રીમેન્ટ' (IGA) પર હસ્તાક્ષર કર્યા હતા.
- આ એગ્રીમેન્ટ મુજબ ભારત ફ્રાન્સ પાસેથી 7.87 બિલિયન યુરો (એટલે કે એ સમયે ભારતીય રૂપિયાની કિંમત પ્રમાણે આશરે 58,891 કરોડ રૂપિયા)માં 28 સિંગલ સીટર અને 8 ડબલ સીટર મળીને કુલ 36 વિમાન ખરીદશે.
- આ 36 વિમાનોમાંથી જુલાઈ 2020 સુધીમાં ભારતને પ્રથમ પાંચ રાફેલ વિમાન મળી ગયા છે.

**નોંધ :** (1) સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ વખત 18 મે 2001ના રોજ ફ્રેન્ચ નેવલ એવિએશનને બે રાફેલ વિમાન સોંપવામાં આવ્યા હતા. ફ્રાન્સ પાસે આવા હાલ આશરે 180 જેટલા રાફેલ વિમાનો છે.

(2) ભારત અગાઉ ઈજિપ્ત અને કતાર ફ્રાન્સ પાસેથી 24 - 24 રફાલ વિમાનો ખરીદી ચૂક્યા છે.

(3) હાલ ફ્રાન્સ સિવાય ભારત, ઈજિપ્ત અને કતાર પાસે આ વિમાનો છે.

ICE ? Questions

1. ભારતમાં સ્વદેશી હાઈપરસોનિક મિસાઈલના નિર્માણ માટે કઈ ટેકનોલોજીનું તાજેતરમાં સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?
(A) HDSRM (B) HDRSM (C) HSTDV (D) RVM **(C)**

2. HSTDVનું પૂરું નામ શું છે ?
(A) Hypersonic Technology Demo Vehicle
(B) Hypersonic Technology Demonstrate Vehicle
(C) Hypersonic Technology Demonstrator Vehicle
(D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

3. હાઈપરસોનિક સ્પીડ મેળવનાર ભારત વિશ્વનો કેટલામો દેશ બની ગયો છે ?
(A) ત્રીજો (B) ચોથો (C) પાંચમો (D) સાતમો **(B)**

4. હાઈપરસોનિક સ્પીડ મેળવવા માટે ભારતે કયા વ્હિકલનું સફળ પરીક્ષણ કર્યું છે ?
(A) લોંગ રેન્જ એરિયલ વ્હિકલ
(B) હાઈપરસોનિક એરિયલ વ્હિકલ
(C) હાઈપરસોનિક ટેકનોલોજી વ્હિકલ
(D) હાઈપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલ **(D)**

5. સપ્ટેમ્બર 2020 દરમિયાન ભારતે હાઈપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલ (HSTDV)નું કયાંથી સફળ પરીક્ષણ કર્યું છે ?
(A) સતીષ ધવન સ્પેસ સેન્ટર, શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ
(B) આર. માધવન ટેસ્ટ રેન્જ, વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશ
(C) અબ્દુલ કલામ આઈલેન્ડ, ચાંદીપુર, ઓડિશા
(D) કોલકાતાની પાસે, બંગાળની ખાડીમાં **(C)**

6. ભારતમાં હાઈપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલે પરીક્ષણ દરમિયાન કેટલા મેક (Mach)ની સ્પીડ મેળવી હતી ?
(A) 4 (B) 5 (C) 6 (D) 7 **(C)**

7. ભારતમાં હાઈપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલ (HSTDV)ના પરીક્ષણ માટે કઈ મિસાઈલના બૂસ્ટર (ખોખાં)નો ઉપયોગ કરવામાં આવ્યો હતો ?
(A) પૃથ્વી (B) બ્રહ્મોસ (C) અસ્ત્ર (D) અગ્નિ **(D)**

8. હાઈપરસોનિક સ્પીડ એટલે શું ?
(A) હવામાં અવાજની ગતિથી બે ગણી વધુ ઝડપ
(B) હવામાં અવાજની ગતિથી ત્રણથી પાંચ ગણી વધુ ઝડપ
(C) હવામાં અવાજની ગતિથી પાંચથી દસ ગણી વધુ ઝડપ
(D) હવામાં અવાજની ગતિથી દસથી પંદર ગણી વધુ ઝડપ (C)

9. નીચેનામાંથી સૌથી વધુ ઝડપ શેમાં જોવા મળે છે ?
(A) સબસોનિક (B) હાઈપરસોનિક (C) સુપરસોનિક (D) ટ્રાન્સસોનિક (B)

10. ભારતમાં નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (NSD)ના નવા ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી સની દેઓલ (B) શ્રી નાના પાટેકર
(C) શ્રી પરેશ રાવલ (D) શ્રી અક્ષય કુમાર (C)

11. ભારતમાં નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (NSD)ના નવા ચેરમેન તરીકે શ્રી પરેશ રાવલની કોના સ્થાને નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી અરૂણ વર્મા (B) શ્રી રતન થિયામ
(C) શ્રી રજત કેલકર (D) શ્રી રામાસામી પુટપ્પા (B)

12. 10 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતમાં કયા રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશમાં યોજાયેલા સમારોહમાં રાફેલ વિમાનનો ભારતીય વાયુસેનામાં વિધિવત્ સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) દિલ્હી (B) પંજાબ (C) લદાખ (D) હરિયાણા (D)

13. 10 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતમાં કયાં યોજાયેલા સમારોહમાં રાફેલ વિમાનનો ભારતીય વાયુસેનામાં વિધિવત્ સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) ગુરગાંવ એર ફોર્સ સ્ટેશન, હરિયાણા (B) ફરિદાબાદ એર ફોર્સ સ્ટેશન, હરિયાણા
(C) સિરસા એર ફોર્સ સ્ટેશન, હરિયાણા (D) અંબાલા એર ફોર્સ સ્ટેશન, હરિયાણા (D)

14. 10 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતમાં કોની ઉપસ્થિતિમાં યોજાયેલા સમારોહમાં રાફેલ વિમાનનો ભારતીય વાયુસેનામાં વિધિવત્ સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી નરેન્દ્રભાઈ મોદી
(C) શ્રી રાજનાથ સિંહ (D) શ્રી અમિત શાહ (C)

**15. 29 જુલાઈ 2020ના રોજ ભારતના કયા સ્ટેશને પ્રથમ પાંચ રાફેલ વિમાનોનું આગમન થયું છે ?**

**(A) આદમપુર એર ફોર્સ સ્ટેશન, પંજાબ**

**(B) અવંતીપુર એર ફોર્સ સ્ટેશન, જમ્મુ કાશ્મીર**

**(C) અંબાલા એર ફોર્સ સ્ટેશન, હરિયાણા**

**(D) અમૃતસર એર ફોર્સ સ્ટેશન, પંજાબ** **(C)**

**16. 29 જુલાઈ 2020ના રોજ ભારતમાં હરિયાણા ખાતેના અંબાલા એર ફોર્સ સ્ટેશને પ્રથમ પાંચ રાફેલ વિમાનોનું આગમન થયું છે...આ વિમાનોએ ફ્રાન્સમાં કઈ જગ્યાએ આવેલા દસોલ્ટ એવિએશનના પ્લાન્ટમાંથી ઉડાન ભરી હતી ?**

**(A) Levroux (B) Auxerre (C) Corbigny (D) Merignac** **(D)**

**17. ફ્રાન્સથી 8500 કિમીનું અંતર કાપીને પ્રથમ પાંચ રાફેલ વિમાનનું ભારતમાં આગમન થયું છે... આ પાંચ રાફેલ વિમાનોએ ફ્રાન્સથી ઉડાન ભર્યા બાદ કઈ જગ્યાએ રોકાણ કર્યું હતું ?**

**(A) અલ જાફરા એર બેઝ, સાઉદી અરેબિયા**

**(B) અલ જાફરા એર બેઝ, સંયુકત આરબ અમિરાત**

**(C) અલ ધાફરા એર બેઝ, સંયુકત આરબ અમિરાત**

**(D) અલ ધાફરા એર બેઝ, સાઉદી અરેબિયા** **(C)**

**18. તાજેતરમાં ભારતને સોંપાયેલ રાફેલ વિમાનને ઉડાવનાર પ્રથમ ભારતીય પાઈલટ કોણ છે ?**

**(A) શ્રી હિલાલ અહમદ (B) શ્રી હમિદ અન્સારી**

**(C) શ્રી હમિદ ઈકબાલ (D) શ્રી હમિદ નવાઝ** **(A)**

**19. ભારતમાં આવી પહોંચેલા પ્રથમ પાંચ રાફેલ વિમાનોને ભારતીય વાયુસેનાની કઈ સ્ક્વાડ્રનમાં સામેલ કરવામાં આવ્યા છે ?**

**(A) 13મી સ્ક્વાડ્રન (B) 15મી સ્ક્વાડ્રન (C) 17મી સ્ક્વાડ્રન (D) 19મી સ્ક્વાડ્રન** **(C)**

**20. તાજેતરમાં ચર્ચામાં રહેલી ભારતીય વાયુસેનાની '17મી સ્ક્વાડ્રન'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?**

**1. તેને 'ગોલ્ડન એરોઝ' તરીકે પણ ઓળખવામાં આવે છે.**

**2. તે હરિયાણાના અંબાલા ખાતે આવેલી છે.**

**3. શ્રી ડી. એલ. સ્પ્રિંગેટના નેતૃત્વમાં 1951માં તેની સ્થાપના થઈ હતી.**

**4. 10 સપ્ટેમ્બર, 2019ના રોજ તેનું પુનર્ગઠન કરવામાં આવ્યું છે.**

**Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 1, 2** **(A)**

21. ફ્રાન્સની કઈ કંપની દ્વારા તાજેતરમાં ભારતને પ્રથમ પાંચ રાફેલ વિમાન સુપરત કરવામાં આવ્યા છે ?
(A) દસોલ્ટ એવિએશન (B) બોર્ડેક્સ એરોનોટિક્સ
(C) હમ્બર્ટ એવિએશન (D) LH એવિએશન **(A)**

22. તાજેતરમાં ભારતને સુપરત કરવામાં આવેલા પ્રથમ રાફેલ વિમાનને શું નામ આપવામાં આવ્યું હતું ?
(A) KB 001 (B) AB 001 (C) RB 001 (D) SB 001 **(C)**

23. ભારતના પ્રથમ રાફેલ વિમાનને કોના નામ પરથી RB 001 નામ આપવામાં આવ્યું છે ?
(A) શ્રી અબ્દુલ કલામ (B) શ્રી અટલબિહારી વાજપેઈ
(C) શ્રી રાકેશકુમાર સિંહ ભદોરિયા (D) શ્રી રાજેન્દ્રસિંહ ભદોરિયા **(C)**

24. રાફેલ વિમાનના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. રાફેલનો અર્થ 'આંધી' થાય છે.
2. રાફેલ બે એન્જિન ધરાવતું વિમાન છે.
3. તે મલ્ટિરોલ ફાઈટર વિમાન છે.
4. તે હવામાંથી હવામાં અને હવામાંથી જમીન પર પ્રહાર કરવાની ક્ષમતા ધરાવતી મિટિઅર અને સ્કાલ્પ મિસાઈલથી સજ્જ છે.
5. 4.5 જનરેશનનું વિમાન છે.
(A) 1, 2, 3, 4, 5 (B) 1, 2, 3, 4 (C) 1, 3, 4, 5 (D) 1, 3, 5 **(A)**

25. ભારતે ફ્રાન્સ પાસેથી કુલ કેટલા રાફેલ વિમાનો ખરીદવા માટે ડીલ કરી છે ?
(A) 32 (B) 34 (C) 36 (D) 38 **(C)**

26. ફ્રાન્સ પાસેથી 36 રાફેલ વિમાન ખરીદવા માટે ભારત અને ફ્રાન્સ વચ્ચે ફાઈનલ ડીલ ક્યારે થઈ હતી ?
(A) 23 સપ્ટેમ્બર, 2014 (B) 23 સપ્ટેમ્બર, 2015
(C) 23 સપ્ટેમ્બર, 2016 (D) 23 સપ્ટેમ્બર, 2017 **(C)**

27. ભારતે ફ્રાન્સ પાસેથી કેટલા બિલિયન યુરોમાં 36 રાફેલ વિમાન ખરીદવા માટે કરાર કર્યા છે ?
(A) 5.8 (B) 6.8 (C) 7.8 (D) 8.8 **(C)**

# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાત સરકાર પ્રતિ મણ રૂ. 1055 તથા પ્રતિ ક્વિન્ટલ રૂ. 5275ના ટેકાના ભાવથી મગફળીની ખરીદી કરશે

ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો પાસેથી 21 ઓકટોબર 2020થી ટેકાના ભાવથી મગફળીની ખરીદીની શરૂઆત કરવામાં આવશે. આ અંતર્ગત આ વર્ષે ખેડૂતો પાસેથી ગુજરાત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા નિગમ દ્વારા પ્રતિ મણ (પ્રતિ 20 કિલો) રૂ. 1055 તથા પ્રતિ ક્વિન્ટલ (પ્રતિ 100 કિલો) રૂ. 5275ના ટેકાના ભાવથી મગફળીની ખરીદી કરવામાં આવશે. આ અગાઉના વર્ષે પ્રતિ મણ રૂ. 1018 અને પ્રતિ ક્વિન્ટલ રૂ. 5090ના ભાવથી મગફળીની ખરીદી કરવામાં આવી હતી. આમ, ગયા વર્ષની તુલનાએ આ વર્ષે મગફળીના ટેકાના ભાવમાં ગુજરાત સરકાર દ્વારા પ્રતિ મણ રૂ. 37 તથા પ્રતિ ક્વિન્ટલ રૂ. 185નો વધારો કરવામાં આવ્યો છે.

## ભારત

### ➤ શ્રીનગરમાં CRPFના પ્રથમ મહિલા IG તરીકે સુશ્રી ચારુ સિંહાની નિમણૂક

ભારતમાં શ્રીનગર સેકટરના CRPF Inspector General (IG) તરીકે સુશ્રી ચારુ સિંહાની નિમણૂક કરવામાં આવી છે. આ સાથે જ સુશ્રી ચારુ સિંહા શ્રીનગર સેકટરના CRPFના પ્રથમ IG બની ગયા છે. સુશ્રી ચારુ સિંહા તેલંગાણા કેડરના 1996ની બેચના IPS ઓફિસર છે. આ અગાઉ તેમણે બિહારમાં CRPFના IG તરીકે જોડાઈને નકસલો સામે નોંધપાત્ર કામગીરી કરી હતી.

### ➤ પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં વિશ્વનું સૌથી મોટું સોલાર ટ્રી લગાવવામાં આવ્યું

ભારતમાં પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં એક મોટું સોલાર ટ્રી લગાવવામાં આવ્યું છે. આ સોલાર ટ્રી પર કુલ 35 સોલાર પ્લેટ લગાવવામાં આવી છે. પશ્ચિમ બંગાળના દુર્ગાપુર ખાતે લગાવવામાં આવેલું આ સોલાર ટ્રી વિશ્વનું સૌથી મોટું સોલાર ટ્રી હોવાનું કહેવાય છે.

## ➤ ભારતીય વૈજ્ઞાનિકો દ્વારા અત્યાર સુધીની સૌથી દૂર સ્થિત આકાશગંગાની શોધ

ભારતમાં મહારાષ્ટ્રના પૂણે ખાતે આવેલી Inter University Center For Astronomy and Astrophysics (IUCAA)ના વૈજ્ઞાનિકો દ્વારા અત્યાર સુધીની સૌથી દૂર સ્થિત આકાશગંગાની શોધ કરવામાં આવી છે. આ આકાશગંગાને AUD FSO1 નામ આપવામાં આવ્યું છે. ભારતના પ્રથમ મલ્ટી વેવલેન્થ સેટેલાઈટ એસ્ટ્રોસેટની મદદથી આ આકાશગંગાની શોધ કરવામાં આવી છે.

## ➤ PUBGના વિકલ્પમાં શ્રી અક્ષયકુમાર ભારતમાં FAU-G ગેમ લોન્ચ કરશે

ભારત સરકારે PUBG સહિત 118 મોબાઈલ એપ પર પ્રતિબંધ મૂકયા બાદ ભારતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી અક્ષય કુમારે PUBGના વિકલ્પમાં ભારતમાં FAU-G ગેમ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ ગેમ ભારતમાં નિર્માણ પામેલી પ્રથમ બેટલ રોયલ ગેમ હશે. આ ગેમથી મળનારી આવકમાંથી 20 ટકા હિસ્સો ભારતના સૈનિકો માટે વીર ટ્રસ્ટને આપવામાં આવશે. FAU-Gનું પૂરું નામ Fearless And United-Guards છે.

## ➤ ભારતના જમ્મુ કાશ્મીરમાં ચિનાબ નદી પર વિશ્વના સૌથી ઊંચા રેલવે બ્રિજનું નિર્માણ

ભારતના જમ્મુ કાશ્મીરમાં ચિનાબ નદી પર એક રેલવે બ્રિજનું નિર્માણ કાર્ય હાલ ચાલુ છે. જમ્મુ કાશ્મીરમાં ચિનાબ નદી પર નિર્માણ પામી રહેલો આ વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ હશે. આ બ્રિજ ફ્રાન્સના એફિલ ટાવર કરતા પણ 35 મીટર ઊંચો છે. ઓગસ્ટ 2022 સુધીમાં આ બ્રિજ તૈયાર થવાની સંભાવના છે.

## ➤ ભારતમાં 'રેડિયો ટેલિસ્કોપના ફાધર' ગણાતા ડૉ. ગોવિંદ સ્વરૂપનું નિધન

ભારતમાં 'રેડિયો ટેલિસ્કોપના પિતા' ગણાતા ડૉ. ગોવિંદ સ્વરૂપનું મહારાષ્ટ્રના પૂણે ખાતે 91 વર્ષની વયે નિધન થયું છે. તેમનો જન્મ ભારતમાં ઉત્તરપ્રદેશના મુરાદાબાદ જિલ્લાના ઠાકુરવાડામાં થયો હતો. ભારતમાં રેડિયો ટેલિસ્કોપની સ્થાપનામાં તેમની મહત્ત્વની ભૂમિકા હતી. તેમણે ભારતમાં ઊટી અને પૂણે ખાતે રેડિયો ટેલિસ્કોપની શરૂઆત કરાવી હતી. ભારતમાં મહારાષ્ટ્રના પૂણે ખાતે આવેલી પ્રસિદ્ધ સંસ્થા 'નેશનલ સેન્ટર ફોર રેડિયો એસ્ટ્રોનોમી' (NCRA)ના તેઓ સ્થાપક ડિરેક્ટર હતા. ભારત સરકાર તરફથી તેમને 1973માં પદ્મશ્રી પુરસ્કાર એનાયત થયો હતો. એ ઉપરાંત તેમને અનેક વૈજ્ઞાનિક પુરસ્કારો એનાયત થયા હતા.

## વિશ્વ

### ➤ ચીનમાંથી ભારતમાં આવવા માંગતી જાપાનની કંપનીઓને જાપાન આર્થિક સહાય કરશે

ચીનમાંથી ભારતમાં આવવા માંગતી જાપાનની કંપનીઓને આર્થિક સહાય આપવાની જાપાન સરકારે જાહેરાત કરી છે. આ માટે જાપાનમાં 23.5 અબજ યેન (22.1 કરોડ ડોલર)નું બજેટ ફાળવવામાં આવ્યું છે. ચીન સાથેની તેની વર્ષો જૂની દુશ્મનીને કારણે જાપાને આ નિર્ણય કર્યો છે.

### ➤ ફૂટબોલની રમતમાં 100 ઈન્ટરનેશનલ ગોલ કરનાર શ્રી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો વિશ્વના બીજા અને યુરોપના પ્રથમ ફૂટબોલર બન્યા

પોર્ટુગલના પ્રસિદ્ધ ફૂટબોલર શ્રી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ તાજેતરમાં પોર્ટુગલ અને સ્વીડન વચ્ચેની એક મેચમાં 100 ઈન્ટરનેશનલ ગોલ પૂરા કર્યા છે. આ સાથે જ શ્રી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો ફૂટબોલની રમતમાં 100 આંતરરાષ્ટ્રીય ગોલ કરનાર વિશ્વના બીજા અને યુરોપના પ્રથમ ફૂટબોલ ખેલાડી બની ગયા છે. આ અગાઉ આવી સિદ્ધિ ઈરાનના શ્રી અલી દેઈએ મેળવી હતી. શ્રી અલી દેઈના નામે સૌથી વધુ 109 ઈન્ટરનેશનલ ગોલનો રેકોર્ડ છે.



## ICE Questions

- 21 ઓક્ટોબર 2020થી ગુજરાત સરકાર દ્વારા પ્રતિ મણ કેટલા રૂપિયાના ટેકાના ભાવથી મગફળીની ખરીદી કરવામાં આવશે ? – રૂ. 1055
- 21 ઓક્ટોબર 2020થી ગુજરાત સરકાર દ્વારા પ્રતિ ક્વિન્ટલ કેટલા રૂપિયાના ટેકાના ભાવથી મગફળીની ખરીદી કરવામાં આવશે ? – રૂ. 5275
- શ્રીનગરમાં CRPFના પ્રથમ મહિલા IG તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી ચારુ સિંહા
- ભારતના કયા શહેરમાં વિશ્વનું સૌથી મોટું સોલાર ટ્રી લગાવવામાં આવ્યું છે ? – દુર્ગાપુર (પશ્ચિમ બંગાળ)
- કયા દેશના વૈજ્ઞાનિકો દ્વારા અત્યાર સુધીની સૌથી દૂર સ્થિત AUD FSO1 નામની આકાશગંગાની શોધ કરવામાં આવી છે ? – ભારત
- ભારતના કયા શહેરમાં આવેલી 'ઈન્ટર યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ' (IUCAA)ના વૈજ્ઞાનિકો દ્વારા અત્યાર સુધીની સૌથી દૂર સ્થિત AUD FSO1 નામની આકાશગંગાની શોધ કરવામાં આવી છે ? – પૂણે (મહારાષ્ટ્ર)
- ભારતના મહારાષ્ટ્રના પૂણે ખાતે આવેલી IUCAAના વૈજ્ઞાનિકો દ્વારા ભારતના કયા સેટેલાઈટની મદદથી અત્યાર સુધીની સૌથી દૂરની આકાશગંગાની શોધ કરવામાં આવી છે ? – એસ્ટ્રોસેટ
- ભારતના કયા પ્રસિદ્ધ અભિનેતાએ PUBGના વિકલ્પમાં ભારતમાં નિર્માણ પામેલી પ્રથમ બેટલ રોયલ ગેમ લોન્ચ કરવાની જાહેરાત કરી છે ? – શ્રી અક્ષય કુમાર
- શ્રી અક્ષય કુમારે PUBGના વિકલ્પમાં ભારતમાં કઈ મોબાઈલ ગેમ લોન્ચ કરવાની જાહેરાત કરી છે ? – FAU-G
- ભારતના કયા રાજ્યમાં વિશ્વના સૌથી ઊંચા રેલવે બ્રિજનું નિર્માણ થશે ? – જમ્મુ કાશ્મીર
- ભારતમાં કઈ નદી પર વિશ્વના સૌથી ઊંચા રેલવે બ્રિજનું નિર્માણ થશે ? – ચિનાબ
- ભારતમાં 'રેડિયો ટેલિસ્કોપના ફાધર' ગણાતા કયા અવકાશ વૈજ્ઞાનિકનું તાજેતરમાં નિધન થયું છે ? – ડૉ. ગોવિંદ સ્વરૂપ
- ભારતમાં 'રેડિયો ટેલિસ્કોપના ફાધર' ગણાતા ડૉ. ગોવિંદ સ્વરૂપનું નિધન થયું છે .... ભારતના કયા રાજ્યમાં તેમનો જન્મ થયો હતો ? – ઉત્તરપ્રદેશ
- ચીનમાંથી ભારતમાં આવવા માંગતી કયા દેશની કંપનીઓ માટે તે દેશની સરકારે આર્થિક સહાયની જાહેરાત કરી છે ? – જાપાન
- ફૂટબોલની રમતમાં 100 ઈન્ટરનેશનલ ગોલ કરનાર વિશ્વના બીજા તથા યુરોપના પ્રથમ ફૂટબોલર કોણ છે ? – શ્રી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (પોર્ટુગલ)
- ફૂટબોલની રમતમાં 100 ઈન્ટરનેશનલ ગોલ કરનાર વિશ્વના પ્રથમ ફૂટબોલર કોણ છે ? – શ્રી અલી દેઈ (ઈરાન)

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. 5 સપ્ટેમ્બર 2020ને રાષ્ટ્રીય શિક્ષણ દિન નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં કેટલા શિક્ષકોનું રાજ્ય એવોર્ડથી સન્માન કર્યું હતું ? – 44
(જ્યારે 5 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે 47 શિક્ષકોને રાષ્ટ્રીય પુરસ્કારોથી સન્માનિત કર્યા હતા.)
2. સપ્ટેમ્બર 2020 દરમિયાન કયા દેશે એમેઝોનને તેની પ્રોડક્ટની ડ્રોનથી ડિલિવરી કરવા માટે મંજૂરી આપી છે ? – અમેરિકા
3. ભારતની સુપ્રીમ કોર્ટે વોડાફોન, આઈડિયા, ભારતી એરટેલ અને ટાટા ટેલિસર્વિસીસ જેવી ટેલિકોમ કંપનીઓને એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ (AGR) સંબંધિત બાકી રકમની ટેલિકોમ વિભાગને ચૂકવણી કરવા માટે ચોક્કસ શરતો સાથે કેટલા વર્ષનો સમય આપ્યો છે ? – 10 વર્ષ
(જોકે, આ કંપનીઓએ AGRની 10% રકમ એડવાન્સમાં 31 માર્ચ 2021 સુધીમાં ચૂકવવાની રહેશે.)
4. ભારત દ્વારા કયા દેશ પાસેથી 20,000 જેટલી AK-203 રાઈફલ ખરીદવામાં આવશે ? – રશિયા
5. US ઓપન 2020ના બીજા રાઉન્ડમાં પ્રવેશ કરનાર ભારતીય ટેનિસ ખેલાડીનું નામ શું છે ? – શ્રી સુમિત નાગલ
(શ્રી સુમિત નાગલ US ઓપન 2020ના બીજા રાઉન્ડમાં પ્રવેશ કરીને તેઓ સાત વર્ષમાં ગ્રાન્ડસ્લેમના બીજા રાઉન્ડમાં પ્રવેશનાર પ્રથમ ભારતીય બની ગયા હતા. જોકે, ત્યારબાદ બીજા રાઉન્ડમાં તેમનો પરાજય થયો હતો.)

6. શ્રી સુમિત નાગલ કઈ રમત સાથે સંકળાયેલા છે ? – ટેનિસ

7. US ઓપનમાં સૌથી વધુ મેચો જીતવાનો રેકોર્ડ કોણે બનાવ્યો છે ? – સુશ્રી સેરેના વિલિયમ્સ
(અમેરિકાના પ્રસિદ્ધ મહિલા ટેનિસ ખેલાડી સુશ્રી સેરેના વિલિયમ્સે US ઓપનમાં 102 મેચો જીતીને આ રેકોર્ડ સર્જ્યો છે. અગાઉ અમેરિકાના જ શ્રી ક્રિસ એવર્ટના નામે આ રેકોર્ડ હતો.)

8. ગુજરાતમાં ધારાસભ્યો તથા મંત્રીઓના પગારમાં 1 એપ્રિલ 2020થી 1 વર્ષ સુધી કેટલા ટકાનો કાપ મૂકવામાં આવ્યો છે ? – 30 ટકા

9. ભારતમાં સૌપ્રથમ વખત ઓસ્ટ્રેલિયન પદ્ધતિથી ક્રિકેટ કોચિંગ આપનાર કયા કોચનું તાજેતરમાં નિધન થયું છે ? – શ્રી અકબર ખાન બાબી
(શ્રી એ. યુ. બાબી અને શ્રી બાબી સાહેબ તરીકે ઓળખાતા શ્રી અકબરખાન બાબી ગુજરાતના જૂનાગઢના બાબી પરિવારના સભ્ય હતા. તેમણે BCCIના કોચ તરીકે પણ સેવા આપી હતી. તેમણે સૌરાષ્ટ્રને અનેક રણજી ક્રિકેટરની ભેટ આપી હતી.)

10. શ્રી અકબરખાન બાબીનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ કઈ રમત સાથે સંકળાયેલા હતા ? – ક્રિકેટ

11. ગુજરાતમાં ગુટખા તેમજ તમાકુ કે નિકોટીનયુકત પાન મસાલાના વેચાણ પરનો પ્રતિબંધ વધુ કેટલા વર્ષ માટે લંબાવવામાં આવ્યો છે ? – 1 વર્ષ
(ગુજરાતમાં સૌપ્રથમ વખત વર્ષ 2012માં ગુટખા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.)

12. સપ્ટેમ્બર 2020 દરમિયાન ગુજરાતમાં અમદાવાદના નવા કલેકટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી સંદીપ સાંગલે

13. કોરોના મહામારીને કારણે ગુજરાતમાં વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક પામેલા સરકારી કર્મચારીઓના પગારમાં 1 જુલાઈ 2020થી 1 વર્ષ માટે કેટલા ટકાનો કાપ મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – 30 ટકા

14. સપ્ટેમ્બર 2020થી ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની સુરક્ષાની જવાબદારી કયા જવાનોને સોંપવામાં આવી છે ? – CISF (Central Industrial Security Force)ના જવાનો
(આ અગાઉ તેની સુરક્ષા નર્મદા પોલીસ, SRPFના જવાનો તથા USDના સુરક્ષા જવાનો અલગ અલગ સમયગાળા દરમિયાન કરતા હતા.)

15. ગુજરાત બાર કાઉન્સિલના ચેરમેન તરીકે કોણ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે ?

– નડિયાદના સિનિયર વકીલ શ્રી કિરીટ બારોટ

16. ભારતના પ્રસિદ્ધ મહિલા અભિનેત્રી સુશ્રી કંગના રનૌતને કેન્દ્ર સરકાર દ્વારા સપ્ટેમ્બર 2020 દરમિયાન કઈ કેટેગરીની સુરક્ષા આપવામાં આવી છે ? – Y-Plus

17. સપ્ટેમ્બર 2020 દરમિયાન ભારતના કયા મહિલા અભિનેત્રીને કેન્દ્ર સરકાર દ્વારા Y-Plus કેટેગરીની સુરક્ષા આપવામાં આવી છે ? – સુશ્રી કંગના રનૌત

18. ભારતના કયા રાજ્યના વૈજ્ઞાનિકોએ ઓપન હાર્ટ સર્જરી સસ્તી બને તે માટે 'બ્લડ ફ્લો મીટર' નામનું ડિવાઈસ વિકસાવ્યું છે ? – કેરળ

(અત્યાર સુધી ભારત 'બ્લડ ફ્લો મીટર'ની આયાત કરતું હતું. તેથી તેની સર્જરી મોંઘી પડતી હતી.)

19. US ઓપન 2020ની એક મેચમાં કયા ટેનિસ ખેલાડીએ અજાણતાં ફટકારેલો બોલ લાઈન જજને ગળામાં વાગતાં એ ખેલાડીને US ઓપન 2020માંથી ડિસ્કવોલિફાય જાહેર કરવામાં આવ્યા હતા ?

– શ્રી નોવાક યોકોવિચ (સર્બિયા)

20. ચીનની કંપનીઓને સ્થાને ભારતે કયા દેશ સાથે મળીને 5G ટેકનોલોજી વિકસાવવાનો નિર્ણય કર્યો છે ? – અમેરિકા અને ઈઝરાયેલ

21. સપ્ટેમ્બર 2020 દરમિયાન કયા દેશે તેના નાગરિકો માટે કોરોનાની રસીનો પ્રથમ જથ્થો જારી કરી દીધો છે ? – રશિયા

(રશિયા દ્વારા નિર્મિત વિશ્વની આ પ્રથમ કોરોના વેક્સિનનું નામ સ્પુતનિક-5 અથવા તો સ્પુતનિક-V છે.)

22. ભારતમાં ઉત્તરપ્રદેશના અયોધ્યા ખાતે નિર્માણ પામી રહેલા આંતરરાષ્ટ્રીય સ્તરના એરપોર્ટને શું નામ આપવામાં આવશે ? – મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ

23. તાજેતરમાં કોના દ્વારા વર્ષ 2021ના નોબેલ શાંતિ પુરસ્કાર માટે શ્રી ડોનાલ્ડ ટ્રમ્પનું નામાંકન કરવામાં આવ્યું છે ? – નોર્વેના સાંસદ શ્રી ક્રિશ્ચિયન તાઈબ્રિંગ દ્વારા

(તાજેતરમાં ઈઝરાયેલ અને UAE વચ્ચે થયેલી શાંતિ વાર્તામાં મહત્ત્વની ભૂમિકા બદલ અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પનું આ નામાંકન કરવામાં આવ્યું છે.)

24. તાજેતરમાં ભારતના કયા પ્રસિદ્ધ ક્રિકેટરે ક્રિકેટમાંથી નિવૃત્તિ પાછી ખેંચી લેવાનો નિર્ણય કર્યો છે ?

– શ્રી યુવરાજ સિંઘ

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

(શ્રી યુવરાજ સિંઘે આ માટે BCCIને પત્ર પણ લખ્યો છે.)

**25.** સપ્ટેમ્બર 2020 દરમિયાન કઈ કંપની 200 અબજ ડોલરનું મૂલ્ય ધરાવતી ભારતની પ્રથમ કંપની બની ગઈ હતી ? – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL)

**26.** અમેરિકાના કયા બે રાજ્યોના જંગલોમાં લાગેલી આગને કારણે સપ્ટેમ્બર 2020 દરમિયાન અમેરિકાના કેટલાક શહેરોમાં આકાશનો રંગ નારંગી અને લાલ થઈ ગયો હતો ?

– કેલિફોર્નિયા અને ઓરેગન

**27.** કયા દેશના રાષ્ટ્રપતિએ કોરોનાના દર્દીઓને ઠાર મારવાનો આદેશ આપ્યો હોવાનો અમેરિકાના એક લશ્કરી અધિકારીએ દાવો કર્યો હતો ? – ઉત્તર કોરિયા

**28.** ભારતમાં EDએ ફોરેન એકસચેન્જના નિયમોના ભંગ બદલ કઈ બેન્કને રૂ. 100 કરોડનો દંડ ફટકાર્યો છે ? – સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેન્ક

(EDનું પૂરું નામ Enforcement Directorate છે.)

**29.** ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં સૌરાષ્ટ્રના ધોરાજી તથા તેની આસપાસના ગામોમાં પીવાના પાણી તથા સિંચાઈની સુવિધા માટે કયા જળાશય માટે રૂ. 83 કરોડ રૂપિયાની પાઈપલાઈનના કામોની મંજૂરી આપી છે ? – ફોફળ-1 જળાશય

**30.** ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા મહાનગરમાં ભૂગર્ભ ગટરની વ્યવસ્થા કરવા માટે રૂ. 320 કરોડના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે ? – જૂનાગઢ

(જૂનાગઢ શહેરની ભૂગર્ભ ગટર વ્યવસ્થાની લાંબાગાળાની માંગણીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય કરવામાં આવ્યો છે.)

**31.** ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં રૂ. 1000 કરોડથી વધુના વિવિધ પ્રોજેકટનું ઈ–ખાતમુહૂર્ત અને ઈ–લોકાર્પણ કર્યું હતું ?

– રાજકોટ

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT